
હરિ:ૐ

# બુદ્ધિ

(પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોમાંથી સંકલન)



પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# બુદ્ધિ

(પૂ. શ્રીમોટાનાં પુસ્તકોમાંથી સંકલન)


: સંકલનકર્તા :

**શ્રી રજનીભાઈ બર્માવાલા**



**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

- પ્રકાશક : ટ્રસ્ટીમંડળ
  હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
  કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
  જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
  ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
  Email : hariommota1@gmail.com
  Website : www.hariommota.org


© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.


- **આવૃત્તિ વર્ષ પ્રત**
  પ્રથમ ૨૦૧૭ ૧૦૦૦

- પૃષ્ઠ : ૯૨

- કિંમત : **રૂ. ૧૦/-**

- **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
  હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

- મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

- ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

- ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
  ૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
  ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦ ૩૬૪૧૪

- મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
  સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
  ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

## સમર્પણાંજલિ (પ્રથમ આવૃત્તિ)

પૂ. શ્રીમોટાના ભક્તિભાવે રંગાયેલા, નિયમિત આશ્રમની મુલાકાત લઈ નાનીમોટી જરૂરિયાતોમાં મદદરૂપ થનાર, શાંત, ખૂબ જ ઓછાબોલા, કોઈને પણ ખ્યાલ ન આવે એવી રીતે કર્મ કરનાર અને સવિશેષ પૂ. શ્રીમોટાનાં પુસ્તકોના ઊંડા અભ્યાસુ અને સાધક જીવ

**આદરણીય શ્રી અરુણભાઈ શુક્લને**

'બુદ્ધિ' પુસ્તિકાની આ પ્રથમ આવૃત્તિ સપ્રેમ સમર્પણ કરતાં અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા.૫-૪-૨૦૧૭
રામનવમી, સં.૨૦૭૩
શ્રીમોટાનો ૭૯મો સાક્ષાત્કારદિન

**-ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

## નિવેદન (પ્રથમ આવૃત્તિ)

પૂ. શ્રીમોટાએ જીવનના તમામ પાસાઓ વિશે પોતાની વાણીમાં તથા સાહિત્યમાં માર્ગદર્શન આપ્યું છે. આ પૈકી સૌથી ઊંડું વિશ્લેષણ અને ચિંતન આપણાં મનાદિકરણો વિશે કર્યું છે.

આપણામાં રહેલાં પાંચ મનાદિકરણો - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ શાંત થાય ત્યારે પ્રભુપ્રાપ્તિના માર્ગે ઝડપથી પ્રગતિ થાય. આ સર્વ મનાદિકરણો પૈકી બુદ્ધિને સંતોષવી ઘણી જરૂરી છે. બુદ્ધિ સંતોષાય તો જ શ્રદ્ધા પાકી થાય, અન્યથા સાધક ડગલે ને પગલે શંકાનાં વમળોમાં જ રહે.

આશ્રમના ટ્રસ્ટીશ્રી રજનીભાઈ બર્માવાળાએ પૂ. શ્રીમોટાના વિશાળ સાહિત્યમાંથી બુદ્ધિ વિષયક ગદ્ય અને પદ્ય સાહિત્યને અલગ તારવીને તેનું આ નાનકડી પુસ્તિકા સ્વરૂપે સંકલન કર્યું છે. ટ્રસ્ટીમંડળ તેઓશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

સ્વજનો આ પ્રકાશનને આવકારશે એવી આશા છે.

તા.૫-૪-૨૦૧૭ **-ટ્રસ્ટીમંડળ,**

રામનવમી, સં.૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

શ્રીમોટાનો ૭૯મો સાક્ષાત્કારદિન

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | અગમ્ય ભાવનાનો ઉપયોગ | ૮ |
| ૨. | દલીલબાજી બુદ્ધિની ચૂંટ છે | ૮ |
| ૩. | બુદ્ધિ અને ભાવ બન્ને કામનાં | ૯ |
| ૪. | સાધકની બુદ્ધિ | ૯ |
| ૫. | અધોગામી બુદ્ધિ કેમ બદલાય ? | ૧૦ |
| ૬. | બુદ્ધિને અનુભવનો આધાર | ૧૦ |
| ૭. | સાધનામાં બુદ્ધિનું સ્થાન | ૧૧ |
| ૮. | આપણા અશુદ્ધ નિર્ણયો | ૧૨ |
| ૯. | સમબુદ્ધિના શુદ્ધ નિર્ણયો | ૧૨ |
| ૧૦. | બુદ્ધિમાં જાગૃતિ | ૧૩ |
| ૧૧. | બુદ્ધિની સમતાથી પક્ષપાત ટળે | ૧૩ |
| ૧૨. | મનબુદ્ધિની મર્યાદિત શક્તિ | ૧૪ |
| ૧૩. | એકલી કોરી બુદ્ધિથી પ્રાણને કાબૂમાં ન લેવાય | ૧૪ |
| ૧૪. | મનબુદ્ધિનાં પરાક્રમો | ૧૫ |
| ૧૫. | કુદરતી બળો કબજે તો કર્યાં | ૧૬ |
| ૧૬. | શ્રદ્ધા અને બુદ્ધિ | ૧૭ |
| ૧૭. | પ્રકાશિત બુદ્ધિનું સત્કાર્ય | ૨૦ |
| ૧૮. | બુદ્ધિની શક્તિ ને મર્યાદા | ૨૧ |
| ૧૯. | બુદ્ધિથી સમજ | ૨૨ |
| ૨૦. | બુદ્ધિપ્રધાન લોકો | ૨૨ |
| ૨૧. | બુદ્ધિના ખ્યાલો | ૨૩ |
| ૨૨. | બુદ્ધિના નિર્ણયો | ૨૩ |
| ૨૩. | બુદ્ધિનું સમર્પણ ક્યારે ? | ૨૪ |
| ૨૪. | બુદ્ધિની ભ્રમણા | ૨૪ |
| ૨૫. | નિરહંકારી થવાની શરત | ૨૫ |
| ૨૬. | પ્રસન્નતા એટલે બુદ્ધિની નિર્મળતા | ૨૫ |
| ૨૭. | બુદ્ધિને પકવવાની રીત | ૨૬ |
| ૨૮. | બુદ્ધિ દાસી છે | ૨૬ |
| ૨૯. | બુદ્ધિની શક્તિ | ૨૭ |
| ૩૦. | બુદ્ધિ સુધારવા ભગવાનનું નામસ્મરણ | ૨૮ |
| ૩૧. | બુદ્ધિનું પ્રજ્ઞામાં રૂપાંતર | ૨૯ |

૩૨. બુદ્ધિ દ્વારા ગુણદર્શન ........ ૨૯
૩૩. બુદ્ધિ દ્વારા ધન પ્રાપ્તિ ........ ૩૦
૩૪. બુદ્ધિ જ્ઞાન મેળવવા માટે છે ........ ૩૦
૩૫. જીવનગીતા અધ્યાય-૨ ........ ૩૧
૩૬. કર્મકાંડ ........ ૩૧
૩૭. સમત્વ-બુદ્ધિ ........ ૩૨
૩૮. સ્થિરબુદ્ધિ અથવા સ્થિતપ્રજ્ઞ ........ ૩૩
૩૯. સ્થિરબુદ્ધિ અને ચંચળબુદ્ધિ ........ ૩૪
૪૦. બ્રાહ્મી સ્થિતિ ........ ૩૫
૪૧. બુદ્ધિમાં પ્રકાશ ........ ૩૬
૪૨. નામસ્મરણ માટે બુદ્ધિ ........ ૩૬
૪૩. બુદ્ધિનો વિકાસ શ્રદ્ધા આધારિત ........ ૩૭
૪૪. બુદ્ધિની શુદ્ધિ ........ ૩૭
૪૫. રોટલા આપનાર ભગવાન ........ ૩૮
૪૬. બુદ્ધિનો પ્રકાશ ક્યારે ? ........ ૩૮
૪૭. બુદ્ધિમાં સમત્વ ક્યારે ? ........ ૩૯
૪૮. ભગવાનનું દર્શન વૈજ્ઞાનિક હકીકત છે ........ ૩૯
૪૯. બુદ્ધિ યોગ સાધવા *મોટા*નાં મૌનમંદિરો ........ ૪૦
૫૦. ભગવાનનું નામસ્મરણ બુદ્ધિથી સ્વીકારો ........ ૪૧
૫૧. પૈસા કમાવા માટે બુદ્ધિ ........ ૪૨
૫૨. વિવેક વિનાની બુદ્ધિના નિર્ણય બંધનકારક ........ ૪૩
૫૩. બુદ્ધિ પ્રકૃતિના ક્ષેત્રમાં પ્રગતિકારક છે ........ ૪૪
૫૪. ડિસીશનનું ક્ષેત્ર બુદ્ધિનું ........ ૪૬
૫૫. બુદ્ધિનું ક્ષેત્ર ઊર્ધ્વદશામાં ક્યારે લાગે ? ........ ૪૬
૫૬. બુદ્ધિ માટે સમાધાનનો માર્ગ અપનાવો ........ ૪૬
૫૭. તટસ્થતા માટે બુદ્ધિની મદદ ........ ૪૭
૫૮. કન્વિન્સ થયેલી બુદ્ધિ પણ ઉછાળો મારે ........ ૪૮
૫૯. બુદ્ધિ અને પ્રાણ ........ ૪૯
૬૦. ભગવાનના માર્ગે બુદ્ધિ સતેજ થાય ........ ૫૩
૬૧. રાગદ્વેષવાળી બુદ્ધિ ........ ૫૩
૬૨. સમત્વ બુદ્ધિ ........ ૫૮
૬૩. ઈશ્વરપરાયણ બુદ્ધિ ........ ૬૨
૬૪. માત્ર બુદ્ધિની ચળ ........ ૬૪
૬૫. બુદ્ધિ ........ ૭૬

॥ હરિઃૐ ॥

## 'બુદ્ધિ' (પૂજ્ય મોટાનાં પુસ્તકોમાંથી સંકલન)

ન રંગાયે બુદ્ધિ જહીં સુધી ખરી ભક્તિના રંગથી તે,
ન માને આવે તે મદદ ખપમાં પૂરી પિછાનવાને;
કર્યે કોરી બુદ્ધિ થકી જનનીની ખાલી વાતો ન પામે,
રહ્યો ખાંડાધારે પથ, મરજીવા શૂર જે ભક્ત પામે.

('શ્રીગંગાચરણે' આ.૧, પૃ.૨૩)

બુદ્ધિશાળી હશે કે 'તે અમારાં કર્મને લીધે
અમારી બુદ્ધિના જોરે અમે સૌ મેળવ્યું ખરે.'
ગમે તેટલી બુદ્ધિ હો, ચાતુર્ય હો ભલે બધું,
પોબાર ના બધી વાતે પડેલા કોઈના જુઓ.

('જીવનપગલે' આ.૩, પૃ.૨૫)

॥ હરિઃૐ ॥

# ૧. અગમ્ય ભાવનાનો ઉપયોગ

ભગવદ્‌ભાવ પ્રત્યે ખુલ્લા થવા માટે મગજનો કે બુદ્ધિની ભૂમિકાનો ઉપયોગ કરવાને બદલે હૃદય અને એની પાછળ રહેલી કોઈ અગમ્ય ભાવનાનો ઉપયોગ કરવામાં આવે, તો તે વધારે જલદી પરિણામ લાવે છે. આને માટે આપણી ઉત્કટ જિજ્ઞાસુવૃત્તિ સતત જાગૃત રહેવી જોઈએ. આવી વૃત્તિનું કેન્દ્રસ્થાન આપણું મન ના હોવું જોઈએ તેમ બુદ્ધિ પણ નહિ, પરંતુ તે વૃત્તિ હૃદયના ઊંડાણમાંથી ઉદ્‌ભવેલી હોવી ઘટે. હૃદય આગળથી પ્રગટેલી પવિત્ર અને નિઃસ્વાર્થ અભીપ્સા વધારે જલદીથી અસરકારક નીવડે છે. બુદ્ધિના કરતાં હૃદય આ બાબતોમાં વધારે સરળતાથી પરિણામ લાવે છે. બુદ્ધિનું સ્થાન મગજ અને એની ઉપર છે, જ્યારે ભાવ (અંતઃકરણ)નું સ્થાન હૃદય છે.

('જીવનપગથી' આ.૫, પૃ.૯-૧૦)

# ૨. દલીલબાજી બુદ્ધિની ચૂંટ છે

જે વધારે કશી રકઝક કર્યા વિના, ઝાઝી ડખાડખ કર્યા વિના, આપેલી સલાહ ઉપર બુદ્ધિ ચલાવ્યા વિના અને દલીલની પરંપરાઓ જગાવ્યા વિના, શ્રદ્ધા રાખીને, પ્રેમભાવ રાખીને જે તે કંઈ કરે છે, એવા પર મને વધારે ભાવ ઉત્પન્ન થાય છે. દલીલબાજી નશાખોરી જેવી છે. જિજ્ઞાસાની ભાવનામાંથી ઉત્પન્ન થતી શંકાઆશંકા જુદી વાત છે અને દલીલબાજી જુદી વાત છે. એક જરૂરી છે, જ્યારે બીજી કંઈ પણ ફાયદો કરનારી નથી,

એટલું જ નહિ પણ ઊલટું નુકસાન કરનારી છે. ભલે ભણેલા લોકો એને કળા કહે અને માંહોમાંહે સાઠમારી કે વાગ્યુદ્ધ ચલાવ્યા કરે. એ તો આપણને જેમ એક પ્રકારની શરીરની ખંજવાળ આવે છે તેમ બુદ્ધિની આ એક પ્રકારની ખંજવાળ છે.

('જીવનપગથી' આ.૫, પૃ.૬૧)

## ૩. બુદ્ધિ અને ભાવ બન્ને કામનાં

જીવન વિષેનો આપણો સંકલ્પ પણ જો દૃઢ અને મરણિયા નિર્ધારનો નહિ થાય, તો જે અવલંબન લીધું હોય તેમાં પ્રાણ પ્રગટે નહિ. તેમાં હૃદય પણ રેડી શકાય નહિ. સંકલ્પને મજબૂત કરવામાં બુદ્ધિ અને ભાવની જરૂર રહે છે. **બુદ્ધિ એ જ્ઞાનનું એક કરણ છે, અને લાગણી, સહાનુભૂતિ વગેરે ભાવનું કરણ છે.** એટલે સંકલ્પને દૃઢાવવામાં બુદ્ધિ અને ભાવની વારંવાર મદદ લેવાની રહે છે. આપણા સંકલ્પમાં જો ભાવની વૃદ્ધિ ન હોય તો તે સંકલ્પ લૂલો રહે છે અને તે જડ જેવો રહે છે. જો આપણામાં બુદ્ધિ સતેજ અને સૂક્ષ્મ ન બનતી જતી હોય, તો તેમાં આપણું હૃદય નથી એમ નિશ્ચે પ્રમાણવું. ભાવની મદદ લઈને તેનામાં ચેતન પ્રગટાવી શકીએ છીએ. જીવનવિકાસના માર્ગમાં બુદ્ધિ અને ભાવ બન્નેની જરૂર છે.

('જીવનસોપાન' આ.૪, પૃ.૨૦-૨૧)

## ૪. સાધકની બુદ્ધિ

સાધકની 'મુક્ત થતી જતી બુદ્ધિ' એટલે શું ? એમ પ્રશ્ન થાય. બુદ્ધિ બે પ્રકારની છે. એક બુદ્ધિ તો અનેક પ્રકારની સમજણો, ટેવો, કુટેવોથી યુક્ત અને અનેક જાતનાં પાસાંથી

રંગાયેલી. એ તદ્દન જીવ પ્રકારની નિમ્ન (અધોગામી) પ્રકારની બુદ્ધિ છે. બીજા પ્રકારની બુદ્ધિ, જેમાં સદ્-અસદ્નો વિવેક જાગેલો છે અને જેનો જુદી જુદી અનેક પ્રકારોની સમજણમાંથી છુટકારો થતો જાય છે. એવી બુદ્ધિ, એ બીજા પ્રકારની બુદ્ધિ આ માર્ગમાં ઉપયોગની છે. પહેલા પ્રકારની બુદ્ધિ જીવને આ માર્ગમાં ઘણી ઘણી નડતરરૂપ છે.

('જીવનસોપાન' આ.૪, પૃ.૨૭)

★ ★ ★

## ૫. અધોગામી બુદ્ધિ કેમ બદલાય ?

જિજ્ઞાસાની સાથે તેનો સંકલ્પ જો દૃઢ અને મરણિયા નિર્ધારવાળો હોય, તો તે આપણને જગાડ્યા અને ઉઠાડ્યા વિના રહેવા દેતો નથી. એટલે આપણે આપણા વિચારબળને હજી ઘણું ઘણું કેળવવાનું છે. આપણું વિચારબળ એક જ પ્રકારની દિશામાં અને ગતિમાં સતત મનનચિંતવનવાળું રહ્યા કરે અને ભાવનું ઉદ્દીપન રહ્યા કરે અને એનાં તેવાં જ વર્તન અમલ થયા કરે, તો નિમ્ન પ્રકારની બુદ્ધિ જરૂર હઠવા માંડે અને આપણા પુરુષાર્થમાં આપણને રસ જામવા માંડે.

('જીવનસોપાન' આ.૪, પૃ.૨૮)

## ૬. બુદ્ધિને અનુભવનો આધાર

અનુભવનું જ્ઞાન કોરું નથી હોતું. એ તો ચલણી નાણું છે. થયેલા અનુભવમાંથી સમજણ તારવીને તેનું નિરીક્ષણ કરીને તેનાથી આગળ પણ બુદ્ધિ જઈ શકે છે, પરંતુ બુદ્ધિને પણ અનુભવના આધારની જરૂર રહે છે. મનનચિંતવન જો થયા કરે તો બુદ્ધિ,

અનુભવની નક્કર ભૂમિકા ઉપર ઠેકો મારીને આગળ જવાનું આપણને પ્રેરાવે છે. સમજણ સમજણના પણ પ્રકાર રહે છે. જે સમજણ આપણને ઊંચી દિશા પ્રતિ લઈ જાય, તે સમજણ એકલી માત્ર બુદ્ધિની હોતી નથી. બુદ્ધિ ઊંચી દશાનું વિચારી શકે છે, પણ ત્યાં ઠરી શકતી નથી. એનું ઉડ્ડયન ખાલી ખાલી હોય છે. બુદ્ધિ મદદ કરે છે ખરી, પણ તે અનુભવના જોર ઉપર. અનુભવ વગર તે સૂક્ષ્મ અને તીક્ષ્ણ થઈ શકતી નથી.

('જીવનસોપાન', આ.૪, પૃ. ૫૨-૫૩)

***કરાવે છે મા તો અનુભવ ઘણા, બુદ્ધિ જો હોય કોરી***
***–ઠરે છે ના એને મન અનુભવો, તે ન રંગાય કો દી.***

('ગંગાચરણે' આ.૧, પૃ.૧૩)

## ૭. સાધનામાં બુદ્ધિનું સ્થાન

મનને તો હજી બુદ્ધિની મદદ વડે કરીને એના આડાઅવળાપણાને સમજીને, કંઈક અંશે કાબૂમાં પણ લાવી શકવા કોઈ કોઈ જીવ ભાગ્યશાળી બને છે, પણ બુદ્ધિનું તેવું નથી હોતું. બુદ્ધિ એ પ્રકાશરૂપે છે. એ તેજ પાડે છે. બુદ્ધિ એ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. તેમાં સમજણ પ્રગટાવવાની સહજશક્તિ રહેલી છે. બુદ્ધિ વડે કરીને જે તે બધું સમજાતું હોય છે. જેવા પ્રકારની બુદ્ધિ તેવા પ્રકારે જ તે બધું સમજાય છે. તેથી બુદ્ધિની શુદ્ધિ પણ તેટલી જ જરૂરની છે. બુદ્ધિ પણ પોતાને પડેલી સમજણ, ટેવ, અનુભવ એ રીતે જ વર્તતી હોય છે. એ રીતે જ તે જે તે અનુમાનો બાંધવાને પ્રેરાયા કરે છે.

('જીવનસોપાન' આ.૪, પૃ.૧૨૮)

## ૮. આપણા અશુદ્ધ નિર્ણયો

આપણે બધાં તો સામાન્ય જીવો છીએ. હૃદય એટલે શું ? તેની તો આપણને કશી જ ગતાગમ નથી. જે તે કંઈ આવી પડે છે, તેનો ઉકેલ આપણે આપણી બુદ્ધિ વડે કરતાં હોઈએ છીએ અને એ બુદ્ધિ પણ કેવી ? ગમા, અણગમા, અમુક પ્રકારના બાંધેલાં મતો, સમજણો, આગ્રહો આદિ બધું તેમાં સ્થૂળ તેમ જ સૂક્ષ્મપણે રહેલાં જ હોય છે. એ બુદ્ધિમાં સમતા, સ્વસ્થતા પ્રગટેલી નથી. ને ખૂબી તો જુઓ કે એવી બુદ્ધિના નિર્ણયોને માનવ સ્વતંત્ર નિર્ણય ગણતો હોય છે ! એવી તો એની પરમ ખૂબી છે.

## ૯. સમબુદ્ધિના શુદ્ધ નિર્ણયો

કોઈ પણ માર્ગ પરત્વેનું કશું પણ યોગ્ય ને તટસ્થ રીતનું તેનું હાર્દ મેળવવા કાજેનું જાણવાનું કરવું હોય, તો તે પણ પ્રેમભક્તિથી રંગાયેલી બુદ્ધિ દ્વારા જ થઈ શકશે. બુદ્ધિ એ શક્તિ સ્વરૂપ છે. માનવીના આધારમાં દિવ્યશક્તિનું તે પ્રથમ કરણ છે. બધાં કરણોમાં તે વધારેમાં વધારે સૂક્ષ્મ છે. આ માટે જ હાર્દ જાણવાને કાજે બુદ્ધિમાં સમતા પ્રાપ્ત કરી લેવી જોઈશે. તે વિના ચાલી ન શકે. એવી સમતાયુક્ત બુદ્ધિ હાર્દ જાણવા કાજે યોગ્ય લાયકાત ધરાવી શકે છે.

★ ★ ★

એટલા જ કાજે સાધકે પોતાના જીવનની સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિના નિર્ણય કરતાં હૃદયમાંથી તેનો ઉકેલ મળ્યા કરે, તે કાજે સાધકે અંતર્મુખતા વધારે ને વધારે કેળવ્યા કરવાની રહે છે.

અંતર્મુખતા જેમ જેમ કેળવાઈને જીવતી બન્યા કરે, તેમ તેમ બુદ્ધિમાં સમતા આદિ પ્રગટ્યા કરે. એવી અંતર્મુખતા કેળવાઈને જીવતી બન્યા કરે તો જ મન, પ્રાણ ને બુદ્ધિની શુદ્ધિ સર્વ પ્રકારે થયા કરે.

('જીવનસોપાન' આ.૪, પૃ. ૧૯૫-૧૯૬)

## ૧૦. બુદ્ધિમાં જાગૃતિ

બુદ્ધિમાં જ્ઞાનપૂર્વકની જાગૃતિ જ્યારે પ્રકટે છે, ત્યારે જીવનમાં ઊપજતા અનેક જાતના પ્રશ્નોના ઉકેલને એ તુરત સુઝાડી દે છે. અગ્નિને અડકતાં જેમ ગરમી લાગ્યા કરે છે, તેમ બુદ્ધિમાં પ્રકટેલી જાગૃતિ તેવી રીતે કામ આપતી હોય છે. એવી રીતે બુદ્ધિ કામ આપતી બની શકે, તે વેળાથી હવે તેવું તેવું લાગેલું સાચું છે એમ પ્રમાણવું. બુદ્ધિમાં યોગ્ય જાગૃતિ જીવનવિકાસ પરત્વેની જ્યારથી પ્રાપ્ત થતી હોય છે, ત્યારથી એની શુદ્ધિ થવાનાં પગરણ મંડાતાં હોય છે.

('જીવનપોકાર' આ.૫, પૃ.૧૭૨)

## ૧૧. બુદ્ધિની સમતાથી પક્ષપાત ટળે

જેમ જેમ બુદ્ધિમાં જીવનવિકાસ પરત્વેની યોગ્ય પ્રકારની જાગૃતિની ભાવના વધારે ને વધારે સતેજ બનતી જતી હોય છે, તેમ તેમ બુદ્ધિમાં સમતા પણ પ્રકટતી અનુભવાય છે ને તેવું બને છે તે વેળાથી સર્વ પ્રકારના પક્ષપાતને બુદ્ધિમાં પ્રકટેલી સમતાની મદદથી દૂર કરવાને આપણે ફાવી શકતાં હોઈએ છીએ. કોઈ વિચારો ખરા લાગતા હોય ને કોઈ ખરા ન લાગતા હોય, તે

બન્નેમાં પણ સત્ય હોવાનો પૂરો સંભવ હોય છે. જ્યારે અમુક વિચાર જે ખરા લાગતા હોય તેના ખરા લાગવાપણામાં આપણાં રાગ, મોહ, આસક્તિ, મમતા, કોઈક પ્રકારની કામના વગેરે વગેરેમાં પાપ ભળેલાં હોવા સંભવ રહે છે, એટલે કે તેવા વિચારોમાં પક્ષપાત ને પૂર્વગ્રહ પણ હોય છે. વિરોધી વિચારોમાં વળી બીજી જાતનો પક્ષપાત હોય છે. આમ, આપણે વૃત્તિ, વિચાર, લાગણી વગેરે વગેરેમાંથી ને પ્રાણના આવેશ, આવેગ વગેરેમાંથી સમતાની મદદ વડે કરીને સકળ પ્રકારના પક્ષપાતોથી ને પૂર્વગ્રહોથી આપણે મુક્ત થયા કરવાનું છે.

('જીવનપોકાર' આ.૫, પૃ.૧૭૩)

## ૧૨. મનબુદ્ધિની મર્યાદિત શક્તિ

વ્યક્તિગત જીવનમાં શું કે સમગ્ર જીવનમાં શું, કે સારાય સમાજ કે સૃષ્ટિના જીવનમાં શું, મન, બુદ્ધિ વગેરેથી જીવનના બધા પ્રશ્નો ઉકેલાઈ જવાના છે એમ અનુભવ તો બતાવી આપતો નથી. મન, બુદ્ધિ કંઈ કશાનું સમગ્રપણું તોલવાને, માપવાને, સમજવાને, અનુભવવાને કદી પણ શક્તિમાન થયેલ નથી ને થવાના નથી.

('જીવનપોકાર' આ.૫, પૃ.૩૬૧)

## ૧૩. એકલી કોરી બુદ્ધિથી પ્રાણને કાબૂમાં ન લેવાય

મનબુદ્ધિથી પ્રાણ કે અહમ્ પર કાબૂ લાવી શકાય છે, તે હકીકત પણ યોગ્ય નથી. તે કાબૂ આણેલો જીવતો નથી હોતો. ધારો કે એક જીવ ચા પીવે છે. તેને એણે બૂરી ટેવ માની લીધી ને તે છોડી દે છે. તેને ઠેકાણે વળી તે ઉકાળો કે કૉફી લે છે.

આમ, પ્રાણના ક્ષેત્રની ઈચ્છા, વાસના, કામના વગેરે વગેરે તો તેની તે જ રહે છે. એના આકારપ્રકાર ભલે બદલાતા હોય. મારા કહેવાનો ભાવાર્થ ને હેતુ તો એ છે કે મનબુદ્ધિની સમજણથી કે નિશ્ચયથી પ્રાણ પર સારો, ટકી શકે એવો, જીવનો ચેતનમય સંયમ પ્રગટી શકતો નથી. એવા ચેતનામય અને જ્ઞાનાત્મક સંયમ કાજે તો એનાથી પર જે શક્તિ છે, તે દ્વારા જ યોગ્ય રીતે સાધી શકાય. નીતિ કે સદાચારના નિયમો પાળવાની જરૂર છે, તે હકીકત સાચી છે પણ તે એટલું ને એકલું જ સાચું છે, એવો જે ઝોક તે બાબતમાં દેવાય છે, ત્યાં પ્રભુકૃપાથી આ જીવની સમજણમાં ફરક છે.

('જીવનપોકાર' આ.૫, પૃ.૩૬૧-૩૬૨)

## ૧૪. મનબુદ્ધિનાં પરાક્રમો

જેમ જેમ મન કે બુદ્ધિની એકલી કોરી કોરી મદદથી માનવી પોતાના જીવનના પ્રશ્નોને ઉકેલવા મથતો હોય છે, તેમ તેમ તે વધારે ને વધારે ગૂંચવાતો હોય છે એમ અનુભવેલું છે. દુઃખ, યાતના, વેદના, કળણમાં ગરકાવ થવું, નીચે ગબડવું એ બધું માનવીની બુદ્ધિની મદદ વડે કરીને એણે સર્જાવેલું છે. રાગ, દ્વેષ, ઈર્ષા, અદેખાઈ આદિ માનવી માનવી વચ્ચે ઘટવાંને બદલે વધ્યાં છે. માનવી માનવીને ઇન્સાન સમજવાનું મૂકીને, એકમેકને કેમ કરીને લૂંટવાં, કેમ કરીને એના પર નભવું—એવી સંસ્કૃતિએ માનવીનાં મનબુદ્ધિમાં ઘર કરેલું છે. જુદા જુદા પ્રકારની જાતોમાં એકબીજા પર વર્ચસ્વ જમાવી જમાવી, તેના વડે ને તેના પર જીવવાનું લોક ઇચ્છે છે ને હંમેશને માટે નબળાંને નબળાં રાખવા માગે છે. માનવીની અમુક જાતોની તેવી તેવી ચોક્કસપણે વિચારેલી

ને ઘડી કાઢેલી યોજનાને કુદરતે ધૂળમાં મેળવી દીધેલી છે. એવું શું આપણે આ કાળમાં અનુભવ્યું નથી ? જે જાપાનને અમેરિકાએ નિઃશસ્ત્ર કર્યું, તે જ જાપાનને રશિયાના ભયને લીધે પાછું સશસ્ત્ર કરવાનો વારો આવ્યો છે. એવી જ રીતે જર્મનીનું.

('જીવનપોકાર', આ.૫, પૃ.૩૬૨-૩૬૩)

## ૧૫. કુદરતી બળો કબજે તો કર્યાં

માનવીએ મનબુદ્ધિની મદદ વડે કુદરતી બળોને પણ કબજે કર્યાં. એની શક્તિ જોતરીને એની કનેથી કામ લેવાનું કર્યું. એમાંથી બધાંનું જ સુખ થાય, બધાંનાં જીવનને શાંતિ મળે, બધાંને આસાએશ થાય, બધાંને જીવનમાં આનંદ-સંતોષ પ્રગટે એવું બધું હજુ પૂરેપૂરું યોજી શકાયું નથી. બલકે એવી જોતરેલી શક્તિ કનેથી એવા પ્રકારનું સર્જન થયા કરેલું છે, કે જેના વડે એક પ્રજા બીજી પ્રજાને પરસ્પર ઘુરકિયાં કરતી અનુભવાય છે. આવા ઘમસાણમાંથી કોણ જાણે ભવિષ્યમાં કેવુંક યુદ્ધ ફાટી નીકળશે !

('જીવનપોકાર' આ.૫, પૃ.૩૬૩)

માનવીના હૃદયમાં શક્તિ આવી પડેલી છે પણ તેનામાં સ્વાર્થપરાયણતા હજી ઘટેલી નથી. બલકે વિશેષ હોવાથી એનો ઉપયોગ તે કાજે જ થયા કરવાનો. જ્યાં પરસ્પર સ્વાર્થ હોય ને પરસ્પરના સ્વાર્થ ટકરાય ત્યાં તો ઘર્ષણ જ ઊભું થવાનું, તે વાત પણ નક્કી. આમ, ઘણું તપ કરીને બુદ્ધિથી મેળવેલી શક્તિ માનવીનું ભલું કરવા શક્તિશાળી થઈ શકતી નથી, એ તો આપણાં બધાંનો જાતઅનુભવ છે. તેથી સાચું તારતમ્ય તો એ નીકળે છે કે મન, બુદ્ધિ આદિમાં નિષ્કામતા, નિર્મમત્વ, નિરાસક્તભાવ,

નિરાગ્રહીપણું, સમતા આદિ આદિ ગુણો પ્રગટેલા હોય તો જ તે મેળવેલી કે મળેલી શક્તિનો જીવનના સમગ્ર વિકાસને અર્થે સદ્દુપયોગ થઈ શકે.

('જીવનપોકાર' આ.૫, પૃ.૩૬૩-૩૬૫)

## ૧૬. શ્રદ્ધા અને બુદ્ધિ

શ્રદ્ધા અને બુદ્ધિ વચ્ચે વિરોધ દેખાયા કરે છે, કેમ કે સાધારણ રીતે આપણે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ફેર જોતાં નથી. કેટલાકે પ્રખ્યાત ગણાતા અને સંત કહ્યો, તેથી—ફક્ત તેથી જ—ઘણા માણસો તેને પૂજવા મંડી જાય તેનું નામ અંધશ્રદ્ધા; તેથી જ તેમાંના ઘણા, વર્ષોના સમાગમ છતાં, કોરા જ રહે છે. **સાચી શ્રદ્ધાની પારાશીશી પોતાનો જ આંતરવિકાસ; પોતાને જ થતા, વધતા જતા લાભ અનુભવવાથી જે જામતી જાય એ શ્રદ્ધા.** પૂ. ગાંધીજી ઉપરની ગામડિયાની શ્રદ્ધા અંધ નથી, સાચી છે, કેમ કે તેઓ પ્રજામાં અને પોતાનામાં પ્રાણ પ્રગટાવવાને પ્રેરે છ-એવા એના અનુભવો છે.

સાચી શ્રદ્ધામાં બુદ્ધિનો ઉપયોગ છે જ અને તે શ્રદ્ધાને વધારવા માટે. આત્માનો વિષય મનબુદ્ધિથી પર છે. માટે, ત્યાં બુદ્ધિ ન વપરાય, શ્રદ્ધા જ રખાય, એવી સામાન્ય માન્યતા છે, પણ એ તો મારા નમ્ર મતે અંધશ્રદ્ધા છે. ભૌતિકશાસ્ત્રની માફક આત્મસાક્ષાત્કાર પણ પ્રયોગસાધ્ય છે. જો ખરી જિજ્ઞાસા, ખંત, આંતરનિરીક્ષણ, મળેલા સત્યને જીવનમાં ઉતારવા માટે ફના થઈ જવાની શક્તિ વગેરે ઉપકરણો હોય તો. એટલે એમાં પણ અનુભવસિદ્ધ શ્રદ્ધાની જ જરૂર છે, અંધશ્રદ્ધાની નહિ.

પણ ત્યારે બુદ્ધિ અને શ્રદ્ધામાં ફેર શો ? ચૈતન્યશક્તિના આહ્‌વાનના કે કોઈ સંતની સહાયના લાભ અનુભવાય, છતાં તેને કેવળ બુદ્ધિથી તો 'અકસ્માતની પરંપરા' ગણી કાઢી શકાય. **યત્રઃ ધૂમ્રસ્તત્ર વહ્નિઃ** એવા સોએ સો ટકા નિશ્ચિતતાનાં અનુમાનો ઉપર જ વિશ્વાસ એટલે કેવળ બુદ્ધિથી દોરાવું, પણ આવા સહાયકારી ઘણા અનુભવો થયા પછી તેથી ઊંધા એટલે દેખીતું દુઃખ અને નુકસાન આપનારા અનુભવો થાય, ત્યારે પણ આગલા અનુભવો સ્મરીને પોતાના પંથને વળગી રહેવું તથા શ્રદ્ધા ઊઠી જાય એ દિશાએ નહિ પણ એવા અનુભવોનું ઊંડું રહસ્ય શોધવા તથા તેનાં કારણ આપણી પોતાની કચાશમાં જ શોધવા બુદ્ધિને વાળવી તેનું નામ શ્રદ્ધા. ત્યારે બુદ્ધિ ઊંધું સમજાવવા મથે છે, પણ તેને મચક ન આપવી તેનું નામ શ્રદ્ધા. ગાંધીજીને અનેક વાર ચૈતન્યશક્તિએ મદદ કરી છે, તે અનુભવને આધારે જ તેમની શ્રદ્ધા આટલી અડગ છે ને તે નિરાશ નથી થતા.

કોઈ માનવી ખરું જોતા કદી કેવળ બુદ્ધિથી દોરાતો નથી. પોતાનાં મંતવ્યો અને વર્તનને તે પોતાની બુદ્ધિ અનુસાર નહિ પણ પોતાના આંતરસત્ત્વ (Inner Being) પ્રમાણે બહારના અનુભવો ઝીલીને ઘડે છે. આંતરસત્ત્વ એટલે મન, બુદ્ધિ, લાગણી, વાતાવરણ, પૂર્વકર્મો, અંગત સંજોગોની છાપ વગેરે. બુદ્ધિ તો તેને કેવળ યોગ્ય, ન્યાયયુક્ત ઠેરવે છે. બુદ્ધિ જાતે જ આ બધાંને રંગતી અને તેમનાથી રંગાતી હોવાથી અર્ધશુદ્ધ છે, તેથી બુદ્ધિ ઉપર જ મદાર રાખનારા સત્યથી એટલા જ વેગળા રહે છે જેટલા મંદબુદ્ધિ અંધશ્રદ્ધાળુઓ. વળી, એવાઓ સદાય સંશયગ્રસ્ત અને તેથી પ્રાણહીન રહેવાનો પૂરો સંભવ છે. તેથી સાચી શ્રદ્ધાને મદદ

કરે એવા માણસને ઘડવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ, એ એની મર્યાદા છે. એટલે આધ્યાત્મિક ક્ષેત્રમાં બુદ્ધિની ઘણી જરૂર છે, તેના વિના ચાલે જ નહિ પણ બુદ્ધિનો સદુપયોગ કરવા માટે તેને અનુભવના પાયા ઉપર ઘડાયેલી શ્રદ્ધા અને મનોબળના પાયા ઉપર ઘડાયેલી શ્રદ્ધા અને મનોબળના ઘોડાની લગામ બાંધવાની જરૂર છે, નહિ કે ઘાણીના બળદના પાટા. આમ થવાથી બુદ્ધિ યોગ્ય માર્ગમાં સર્ચલાઇટની ગરજ સારશે ને તેથી માનવીનો વિકાસ થશે.

('જીવનપ્રેરણા' આ.૩, પૃ.૫ થી ૭)

શંકારૂપી વૃત્તિ સત્યના શોધન માટે જ્યાં સુધી હૃદયની ઈન્દ્રિય કેળવાઈ ગયેલી નથી, ત્યાં લગી આધ્યાત્મિક જીવનની ચેતનાશક્તિના કંઈક પુરાવા ભલેને હોય, છતાં બુદ્ધિ તે સ્વીકારી શકે એવી હૃદયતા કેળવાયા વિના ખાલી એકલી બુદ્ધિના કોરાપણાથી આધ્યાત્મિક જીવનની ખરી ખૂબી ને તેનું મહત્ત્વ ને એની પિછાન કદી કોઈ પણ જીવથી ખ્યાલમાં આવી શકવાનાં નથી. બુદ્ધિમાં શંકારૂપી વૃત્તિ કુદરતે મૂકેલી છે, તે એટલા માટે કે સત્યના અન્વેષણ (શોધન)માં તે પ્રવેશ કરાવવા આપણને સતત મથાવ્યા કરે. જ્યાં લગી આપણને કંઈક કશા વિષે ખરેખરી ગરજ લાગતી નથી, ત્યાં લગી તે બાબતમાં આપણી કશી પ્રવૃત્તિ પણ થઈ શકતી નથી. કોઈ જીવનો, કોઈ બાબતની રહેણીકરણી ને વર્તન પરથી, કંઈ કશો ખ્યાલ જે બંધાય છે, તેવો ખ્યાલ યોગ્ય નથી.

('જીવનપ્રેરણા' આ.૩, પૃ.૧૩૭)

# ૧૭. પ્રકાશિત બુદ્ધિનું સત્કાર્ય

બહારનો આપણો બધો સંબંધ મન વડે કરીને છે, એ તો સમજાય તેવું છે. મન વિચારે છે ચિત્તમાંના પડેલા સંસ્કારોને આધારે, પરંતુ પાછો ચેતવવાને બુદ્ધિરૂપી ચોકીદાર આપણને શ્રીભગવાને આપેલો છે. એ બુદ્ધિમાં શક્તિ તથા તેજ છે. બુદ્ધિ વડે જેનું તેનું જ્ઞાન જન્મી શકે છે. જીવનમાં જે જે કંઈ સમજણો છે, તે બુદ્ધિના પ્રકાશથી છે. આપણા આધારમાં ચેતનનું કોઈ નજીકમાં નજીક અંગ હોય તો તે બુદ્ધિ છે. એટલે મનમાં ઊઠેલા વિચારોમાં ને વૃત્તિમાં કયા કયા દોષ છે, તે વિચારવામાં બુદ્ધિની મદદ તટસ્થતાપૂર્વક જાગ્રત રહીને જો લઈએ તો આપણને તે વિવેકભ્રષ્ટ નહિ થવા દે. આપણે કેવા થવું છે, કેવું વર્તવું છે, આપણી કઈ નેમ છે, એનાથી વિરુદ્ધ વિચાર થતાં આપણું યોગ્ય વર્તન શું હોઈ શકે ? એ બધું બુદ્ધિ આપણને બતાવશે. બુદ્ધિ બિચારી સહદેવ જોષી છે, એ વાક્ય પણ બરાબર નથી. સહદેવ જોષી પૂછે તો જ કહેતા. બુદ્ધિમાં યોગ્ય પ્રકારની વિવેકદૃષ્ટિ ધ્યેય પરત્વેનાં જાગૃતિયુક્ત વલણમાંથી પ્રગટે છે. જે પ્રકારનું વલણ જાગે તેમાં તેમાં મનાદિકરણ ડૂબી જતાં હોય છે, પરંતુ સાધકની સાધનામાં રત થયેલી એવી બુદ્ધિ કંઈ માયકાંગલી હોતી નથી. એવી બુદ્ધિ સાધકને પોતાનો યોગ્ય ધર્મ ચીંધ્યા વિના રહી શકવાની નથી. આવી બુદ્ધિ આપણે જેવા સ્વરૂપમાં હોઈશું તેવા આપણા સ્વરૂપને બતાવશે. સાધકમાં એટલું પૂરતું બળ પ્રકટેલું નહિ હોય, ને તેમાં તે તણાવા માંડશે તો તેમાં 'મારે કશી લેવા દેવા નથી' એમ બે હાથ ઊંચા કરીને તે બેસી રહેવાની નથી. **જે બુદ્ધિમાં સત-અસતનો સંપૂર્ણ વિવેક પ્રકટેલો છે, તે બુદ્ધિ તો અંતરની**

**આંખ છે.** તમારી કોઈ પણ છાનીછપની કરામતને દીવા જેવી કરીને તમારી આંખ આગળ તે પ્રગટાવશે. આમ, આપણી જિજ્ઞાસા જેટલા પ્રમાણમાં જીવતીજાગતી રહ્યા કરી હશે, તેટલા પ્રમાણમાં બુદ્ધિ પણ તેની સાથે તેજસ્વીપણે પ્રગટશે, તે માર્ગદર્શક બનશે. બુદ્ધિમાં પણ અનેક પ્રકારની મડાગાંઠો ને સમજણો પડેલી હોય છે ને તે તે રીતે જ તે આપણને સમજાવવાને મથે છે. એટલે બુદ્ધિ આ મડાગાંઠોથી ને આવી બધી સમજણોથી મુક્ત બને, તે પણ જરૂરનું છે.

('જીવનમંથન' આ.૪, પૃ.૨૦૧-૨૦૨)

## ૧૮. બુદ્ધિની શક્તિ ને મર્યાદા

વાસનાની પાછળ ખેંચાતા બળને આપણે જ્ઞાનપૂર્વકની સમજણ સાથે એના હેતુને સમજીને જો તોડી શકીએ, તે પરત્વે પૂરા અનાસક્ત ન થઈ શકીએ તો તો જીવનને ગુલામીમાં જ રખાવ્યા કરે. આપણને તે મનના અધોગામી થરો સાથે જ જકડાયેલા રાખ્યા કરે, પરંતુ જે જીવ જાગે છે, તેની જાગ્યા પછીની યોગસાધના તો તેને બુદ્ધિની મર્યાદાના ક્ષેત્રથી પર ઊંચે લઈ જાય છે. ત્યાં બુદ્ધિથી કામ લેવાતું હોતું નથી. **બુદ્ધિ મદદકર્તા છે અને અવરોધકર્તા પણ છે, કિંતુ સાધનાના ઉત્તરોત્તર ને ઉચ્ચ ક્ષેત્રમાં એક કક્ષા એવી પ્રકટે છે કે જ્યાં બુદ્ધિ દેખી શકતી નથી તેમ છતાં ત્યાં પણ તે ઉપદેશ આપવા મંડી પડે છે ત્યારે આફત ઊભી થાય છે.**

('જીવનમંથન' આ.૪, પૃ.૨૬૩)

## ૧૯. બુદ્ધિથી સમજ

સાધનાના માર્ગમાં જે જે કંઈ બન્યા કરતું હોય, તે તે બધું યોગ્ય બુદ્ધિથી સમજી શકાય એટલી સમજણ સાધકને મળ્યા કરતી રહે, તે પણ તેટલું જ જરૂરનું છે.

('જીવનસંદેશ' આ.૬, પૃ.૨૦)

## ૨૦. બુદ્ધિપ્રધાન લોકો

અભણ લોકો કરતાં બુદ્ધિપ્રધાન કે ભણેલા લોકોમાં તર્કશક્તિ reasoning faculty વધેલી હોવાથી તથા તેઓ તેમના ચાલુ પ્રવાહ અનુસાર વધારે selfcentered સ્વકેંદ્રિત થઈ ગયેલા હોવાથી પોતે ઉપજાવી કાઢેલા જગતની બહાર એમની દૃષ્ટિ જતી નથી. એટલે એવા લોકોનું દૃષ્ટિબિંદુ મર્યાદિત રહ્યા કરે છે. એમ છતાં પોતે બધું dispassionately લાગણીથી દોરવાઈ ગયા વગર જોઈ શકે છે અને તેથી તેમનું મંતવ્ય deteched શુદ્ધ તટસ્થતાવાળું ને તેથી સાચું જ હોય છે એમ તેઓ ખરેખર માને છે. પોતાના મંતવ્યથી પર થવાનું એમને કાં તો સૂઝતું જ ન હોય અથવા તો એમની એ દુનિયાને ભાંગીતોડીને નવું વિચારવાનું બળ એમનામાં ઉદ્ભવતું નથી, કારણ કે એ લોકો પોતાના જગતમાં જ રચ્યાપચ્યા રહેલા હોય છે. દરેક વિકાસ ઈચ્છતા મનુષ્યે પોતાના જગતથી પર થવાની દૃષ્ટિ કેળવવી જ પડશે. તે વિના જગતનાં કોકડામાંથી નીકળી શકવું લગભગ અશક્ય છે.

('જીવનસંદેશ' આ.૬, પૃ.૧૫૮)

## ૨૧. બુદ્ધિના ખ્યાલો

જ્યારથી આપણે સંસારજીવનમાં પડ્યાં ત્યારથી સામાન્ય રીતે આપણામાંના ઘણાખરાની સ્થિતિ એવી થઈ જાય છે કે એનાથી પરની દૃષ્ટિ ને ખ્યાલ આપણને ઉદ્‌ભવતાં નથી. ને જો કોઈક ધન્ય પળે એવો ખ્યાલ આવે તો તેને સ્વીકારીને અનુભવ કરવાની આપણામાં તમન્ના રહેલી હોતી નથી. આમ, આપણે એક પ્રકારના જડસુ વાતાવરણમાં સંકળાયેલાં રહીએ છીએ, પરંતુ આપણી બુદ્ધિ તીવ્ર થયેલી હોય છે. એટલે એ બુદ્ધિની દ્વારા આપણે આપણા જીવનવ્યવહારમાં રગશિયા ગાડાની પેઠે ચાલતાં નથી એમ આપણને સમજાવવામાં આપણી બુદ્ધિ ઘણી વાર સફળ થાય છે અને એ રીતે આપણને તે અજ્ઞાનમાં ડૂબેલા રાખે છે.

('જીવનસંદેશ' આ.૬, પૃ.૧૬૦)

## ૨૨. બુદ્ધિના નિર્ણયો

જ્યારે ઈન્દ્રિયો નિરાસક્ત થવા માંડે છે ને પછી તેમ થાય છે, ત્યારે જ આપણને સાચી વિવેકશક્તિ મળે છે. એવી વિવેકશક્તિની આંખ ઊઘડ્યા પહેલાંના નિર્ણયો આપણી બુદ્ધિના નિર્ણયો હોય છે અને આપણી બુદ્ધિ અનેક જન્મોના સંસ્કારોથી વિવિધ રંગે રંગાયેલી હોય છે, તેથી એવી બુદ્ધિએ સુઝાડેલા નિર્ણયો પૂરેપૂરા જ સાચા છે એમ માની લેવું એ પોતાના ભગવાનને રસ્તે જવાના માર્ગ પર પથરા નાખવા સમાન છે. માટે, આવા નિર્ણયોને આધારે જીવન ઘડવું તે યોગ્ય નથી. આપણે સમજવું ને યાદ રાખવું જોઈએ કે આપણી મોહકલિલ (મોહરૂપી કાદવ)માં પડેલી બુદ્ધિના નિર્ણયો પૂરેપૂરા સાચા તો નથી જ.

('જીવનસંદેશ' આ.૬, પૃ.૧૯૩)

કયું સારું ને શું નરસું ? કંઈ તે હું ન સમજું,
મને બુદ્ધિ દેજે તુજ પ્રતિ વધી આગળ શકું.

('હૃદયપોકાર' આ.૧, પૃ.૧૩)

## ૨૩. બુદ્ધિનું સમર્પણ ક્યારે ?

જગતમાં યોગ્ય રીતે જીવન જીવવું એનો અર્થ જ એ કે ઈન્દ્રિયોના વ્યવહાર ભલે ચાલુ રહ્યા કરે પણ તે તે વેળાએ સતત જાગૃતિ હોય અને સાક્ષીભાવે રહેવાને પ્રયત્ન કરવાની સ્વાભાવિક રીતે જ સહજ ટેવ પડી જાય. અંગ્રેજીમાં જેને 'Reflex action' કહે છે તેના જેવું એક જાતનું તટસ્થભાવનું વલણ આપોઆપ સામું ઊઠ્યા જ કરે ને એમ થતાં સાક્ષીભાવ આપણામાં છેવટે સતત રહેશે. ત્યારે આપણી બુદ્ધિ પ્રભુનાં ચરણકમળમાં સમર્પિત થતી જશે ને છેવટે પૂરી રીતે સમર્પિત હશે.

('જીવનસંદેશ' આ.૬, પૃ.૧૯૩-૧૯૪)

## ૨૪. બુદ્ધિની ભ્રમણા

કોઈક બુદ્ધિના ખાં એમ કહે કે આપણે બુદ્ધિની મદદથી અહંકારને ઓછો કરી શકીશું કે રૂપાંતર કરી શકીશું તો તે વ્યર્થ ભ્રમણા છે. ઊલટું બુદ્ધિની સૂક્ષ્મતા તો અહંકારને વધારે સૂક્ષ્મ બનાવે છે. એટલે બુદ્ધિની મદદ વડે અહંકાર ઓછો નહિ થઈ શકે.

('જીવનસંદેશ' આ.૬, પૃ.૨૫૧)

ઊંડું ભાવે તારું સતત મુજથી ચિંત્વન થજો;
અને બુદ્ધિ મારી કદી વિપથગામી ન બનજો.

('હૃદયપોકાર' આ.૧, પૃ.૧૮)

## ૨૫. નિરહંકારી થવાની શરત

જીવનસાધનાની સાર્થકતા કાજે અહંકારનું ઉચ્ચતર રૂપાંતર થયા કરવાને માટે જેઓ જ્ઞાનપૂર્વકની વિવેકતાવાળી બુદ્ધિથી યુક્ત હોય અને પાછા ચેતન પરત્વેની પ્રેમભક્તિથી ભરેલા હોય, તે જ વધુમાં વધુ નિરહંકારી થઈ શકવાના છે, તે જાણશો.

('જીવનસંદેશ' આ.૬, પૃ.૨૫૨)

## ૨૬. પ્રસન્નતા એટલે બુદ્ધિની નિર્મળતા

કમળના ફૂલની પેઠે જ્યાં લગી આપણી બુદ્ધિ સહજપણે ખીલતી નથી, ત્યાં લગી જીવનના ઊર્ધ્વ માર્ગમાં તેવી બુદ્ધિ કશા ખપમાં આવી શકતી નથી. પક્ષીઓના નિર્મળ કલરવ જેવો જીવનમાં કિલકિલાટ ઊગ્યો હોતો નથી, ત્યાં લગી ચિત્તની પ્રસન્નતા પણ પ્રકટી શકતી નથી. આપણી બુદ્ધિ રાગદ્વેષથી પ્રેરિત, દ્વંદ્વથી કુંઠિત થઈ ગયેલી હોય છે. અમુક જાતનાં ધોરણોથી તે બંધાયેલી અને મર્યાદાવાળી ટૂંકી થઈ ગયેલી હોય છે. વળી, તેને અનેક પ્રકારનાં આગ્રહો, મતો, માન્યતાઓ, ધારણાઓ વગેરે રહ્યા જ કરે છે. તેનાથી પાર જવાની કે પર થવાની તેને ઉન્નતિપ્રેરક ગોદાટી થતી નથી, ત્યાં લગી તે પોતાની સ્થિતિમાં પડી રહેલી હોય છે. તેની ગતિ પણ, તેની સ્થિતિ જેવી હોય તેવી જ રીતે થાય. અનેક પ્રકારનાં આવરણોથી આપણી બુદ્ધિ આચ્છાદિત થયેલી છે.

('જીવનપાથેય' આ.૪, પૃ.૨૩-૨૪)

## ૨૭. બુદ્ધિને પકવવાની રીત

બુદ્ધિની ગ્રંથિ તોડાવવા ભગવાને જે કૃપા કરી છે તેમ છતાં બુદ્ધિના દોર હજી ઢીલા થયેલા લાગતા નથી. ઘોડા પર બાંધેલું જીન જેમ તંગ હોય તેમ બેસનારને તેમ જ તે સાથે ઘોડાને પણ સગવડતા ભરેલું થઈ પડે છે. એવી રીતે જેની બુદ્ધિમાં શરણાગતપણું પ્રગટ્યું છે, તેને પછી તો જીવનના સર્વ કોઈ ક્ષેત્રમાં પ્રભુનો ભાવ જીવતો રાખ્યા કરવાનું શક્ય બનતું હોય છે. એક વેશ્યા, એક જુગારી, એક કસાઈ કે એક રાજકીય રમતનો ખેલાડી—આવા લોકો પણ જો તેમની બુદ્ધિ ભગવાનને શરણે ગઈ હોય તો તેમના ક્ષેત્રમાંયે ભગવત્-ચિંતવન જરૂર હૃદયથી કરી શકે છે. એટલે આપણે બુદ્ધિને પકવવાની છે. એ બુદ્ધિ પાકવાને માટે કે પકવવાને માટે ભગવાન સાધકને પ્રસંગો તો જરૂર આપે છે જ, પરંતુ આપણી જાગૃતિ, ઉત્કટતાભરી તૈયારી, તેટલા પ્રમાણમાં ન હોવાથી તે પ્રસંગો આપણા માથા પરથી સરી જાય છે.

('જીવનપાથેય' આ.૪, પૃ.૧૦૨)

## ૨૮. બુદ્ધિ દાસી છે

બુદ્ધિ બળવો કરે છે એમ તમે લખો છો, પરંતુ બુદ્ધિ બિચારી તો દાસી છે. એ તો જેવું અંતરમાં વલણ હોય તેવું સુઝાડે છે.

('જીવનપાથેય' આ.૪, પૃ.૧૩૦)

વિતંડાવાદી છે મુજ મતિ પ્રભો ! નિર્મળ કરો,
ટૂંકી બુદ્ધિ મારી જગત વ્યવહારે પણ ખૂટે,

જહીં માથા સાટે રમત તહીં એ કેમ ટકશે ?
નકામી ચર્ચામાં મુજ મતિ ચલાવું ન જરી હું.

('હૃદયપોકાર' આ.૧, પૃ.૩૧,૪૮)

## ૨૯. બુદ્ધિની શક્તિ

સંસાર-વ્યવહારમાં મુશ્કેલી, ગૂંચ, કોયડા તો પ્રગટવાનાં જ. સુખ-દુઃખ આવવાનાં. એનાથી વેગળું થઈ શકાવાનું નથી. એની શક્યતા પણ નથી. વળી કોઈ પ્રશ્ન પૂછશે કે ભગવાને આ બધું કેમ કર્યું ? આ સવાલ મૂર્ખાપણાનો છે. ભગવાને સાથે બુદ્ધિ પણ આપી છે. બુદ્ધિ તો પ્રકાશ આપનાર છે. કોઈ કહેશે કે ખોટી વાત. હું કહું છું સંસારવ્યવહારમાં કામની સમજણ પડે તે કેવી રીતે ? બુદ્ધિને કારણે જ તેમ થાય છે. એટલે તે પ્રકાશ આપનાર છે. ચેતનની નજીકનું કરણ—અંગ બુદ્ધિ છે. તેનો ઉપયોગ લેતા નથી. એટલે તે જાડી છે. તેનો તમે ઉપયોગ કરશો તો તેનું હાર્દ પણ તમને સમજાશે. ભગવાને બુદ્ધિ પણ આપી છે. વિવેકશક્તિ (power & discrimination) સાચું ખોટું પારખવાની શક્તિ આપી છે. તેનો ઉપયોગ કરતો નથી. **બુદ્ધિ શબ્દનો મૂળ ધાતુ 'બુધ' એટલે જાણવું. આપણને બધાંનું મૂળ સમજાવે તેનું નામ બુદ્ધિ.** તેનો ઉપયોગ કરીએ તો રહસ્ય સમજાય. જે કામમાં બુદ્ધિનો પ્રવેશ થાય તે તે વસ્તુમાં પ્રકાશ આપે. ગીતામાતા કહે છે કે અત્યારે બુદ્ધિ મોહકલિલ, મોહરૂપી કાદવમાં ખરડાયેલી છે. જેવાં આપણાં ચશ્માં હોય તેવો રંગ દેખાય. કાળાં ચશ્માંમાંથી ધોળું નહિ દેખાય. આપણી બુદ્ધિ પણ મોહ, કામ, ક્રોધ, મડાગાંઠ વગેરે કાદવથી ખરડાયેલી હોય, એટલે ચેતન કેવી રીતે

અનુભવાય ? બુદ્ધિના સંસ્કાર જુદી જાતના. તે બધા પૂર્વગ્રહોથી મુક્ત થાય તો સાચું જ્ઞાન પ્રગટાવે.

અનુભવી પુરુષોએ જોયું કે બુદ્ધિ જ જ્ઞાન પ્રેરનારી છે. તેને જ પકડો અને બુદ્ધિ શુદ્ધ કરી નાંખો. શાસ્ત્રકારોએ જુદા જુદા રસ્તા શોધ્યા છે, પણ બધા તો તે નહિ કરી શકે. એટલે **બુદ્ધિ શુદ્ધ કરવાનો સહેલામાં સહેલો ઉપાય ભગવાનનું સ્મરણ જ છે.**

('મૌનએકાંતની કેડીએ' આ.૪, પૃ.૧૪૧-૧૪૨)

## ૩૦. બુદ્ધિ સુધારવા ભગવાનનું નામસ્મરણ

ઘણા મિત્રો કહે છે કે ભગવાનનું નામ લેવાથી બુદ્ધિ સુધરે ખરી ? આપણામાં સંસ્કૃતિની પરંપરાના સંસ્કારો પડેલા છે. (ભગવાનનું સ્મરણ) અનેક ઉપાધિઓથી મુક્ત કરે છે. એણે અનેક ભક્તોના જાતજાતના કોયડા ઉકેલ્યા છે. આજે પણ તેવું થાય છે. ઘણા કોયડાઓ એનાથી (Solve) ઉકેલી શકાયા છે. એવું ભગવાનનું સ્મરણ છે. ભાવના તો લોકોમાં છે. પ્રયોગની રીતે જોયા છે. ભૂતમાં નહિ માનનારા પણ અંધારામાં ધોતિયું ભેરવાયું હોય તો બી જાય. ચિત્તમાં સંસ્કાર પડેલા હોય તે ક્યાં જાય ? પરંપરાના સંસ્કાર ચિત્તમાં ઘૂસેલા હોય અને એની જોડે ભાવના પણ હોય છે. ભાવના એ તો સ્નેહ છે, એ તો ચોંટાડી દે છે.

પોપટની જેમ બોલો તો શું વળે ? મનુષ્યની અને પોપટની શરીરરચનામાં ફેર છે. પોપટનાં બુદ્ધિ-ચિત્ત-પ્રાણ-અહમ્ વિકસેલાં નથી. આપણે પોપટની રીતે નામ નથી લઈ શક્યાં. આપણે કર્મ કરતાં હોઈએ તોપણ ભાવના છે, તેનો પાસ લાગેલો છે. અનેક કાળનો અને અનેક જન્મનો એ ક્યાં જવાનો ? આપણે તે

વિચારતાં નથી. એ પાસને કારણે સતત સ્મરણ થાય તો ભાવનામય વાતાવરણ થાય અને જેમ વધારે ભાવનામય થાય તેમ તે બુદ્ધિ (મોહકલિલથી) મુક્ત થાય અને એના જ સ્મરણમાં રંગાયેલી થાય. બુદ્ધિને ભાવનાનો પાસ લાગે તો આયુર્વેદમાં દવાઓમાં પુટ આપવામાં આવે છે તેમ બુદ્ધિને ભગવાનના સ્મરણરૂપી ભાવનાનો પુટ આપ્યા કરવાથી મોહકલિલ મટી જાય.

વૈદ જેવી રીતે દવા આપે છે તેવી રીતે અનુભવીઓએ, સંતભક્તોએ જીવન ન્યોછાવર કરીને સમર્પણ કરીને નિચોડ આપ્યો છે. નામસ્મરણથી હળવાશ પ્રકટે બુદ્ધિ તીક્ષ્ણ થાય છે, સૂક્ષ્મ થાય છે.

('મૌનએકાંતની કેડીએ' આ.૪, પૃ.૧૪૨-૧૪૩)

## ૩૧. બુદ્ધિનું પ્રજ્ઞામાં રૂપાંતર

બુદ્ધિ દોષો તરફ વળે તો સુમેળ નહિ રહી શકે. જો બુદ્ધિ બીજામાં રહેલા ગુણો તરફ વળશે તો શાંતિ મળશે.

('મૌનમંદિરનું હરિદ્વાર' આ.૪, પૃ.૪૩)

## ૩૨. બુદ્ધિ દ્વારા ગુણદર્શન

બુદ્ધિ વિશે સંશોધન થયું. તર્ક, દલીલમાં અને નિર્ણયો કરવા એ બુદ્ધિનાં લક્ષણો છે. જો બુદ્ધિ પ્રજ્ઞારૂપ થઈ જાય તો અનંત વિશ્વ, અનંત ચેતનાનાં દ્વાર ખૂલી જાય.

('મૌનમંદિરનું હરિદ્વાર' આ.૪, પૃ.૪૬)

## ૩૩. બુદ્ધિ દ્વારા ધન પ્રાપ્તિ

ઘણા લોકો પૂછે છે કે લક્ષ્મી મદદ કરનાર છે. ભગવાનનું નામ દીધાથી દુઃખ થોડું ટળવાનું છે ? હું તમને કહું છું કે લક્ષ્મી મેળવવા બુદ્ધિનો ઉપયોગ કરો છો કે નહિ ? તમે બુદ્ધિ વિના ધન પ્રાપ્ત નહિ કરી શકો. એ રીતે ધન કરતાં બુદ્ધિ એ ચડિયાતું સાધન છે, પણ આપણાં મન, બુદ્ધિ તો ડહોળાયેલાં, સંતાપવાળાં, ક્લેશવાળાં હોય તો ધન ક્યાંથી મેળવી શકો ? એટલે મનબુદ્ધિને ઠેકાણે રાખવાનું સરળ સાધન ભગવાનનું નામસ્મરણ છે.

('મૌનમંદિરનું હરિદ્વાર' આ.૪, પૃ.૪૭)

## ૩૪. બુદ્ધિ જ્ઞાન મેળવવા માટે છે

મનુષ્યની પ્રકૃતિમાં જે બુદ્ધિ મૂકી છે, એથી બધું સમજાય છે. બુદ્ધિ ન હોત તો માનવી ઝાડ, જળચર, ઢોર જેવો સ્થગિત થઈ જાય. એનો વિકાસ થઈ શકે નહિ.

શેષશાયી ભગવાન ક્ષીરસાગર પર સૂતા છે. સાપને અનેક મોઢાં છે. અનંત મુખ દ્વારા જ્ઞાનનું આ પ્રતીક છે. વડ પણ જ્ઞાનનું પ્રતીક છે. એનો વિસ્તાર થયા કરે છે. જ્ઞાન મેળવવા માટે સંકુચિત ન રહેવું જોઈએ. બુદ્ધિ જ્ઞાન મેળવવા માટે છે.

પ્રકૃતિ વિશેની સમજણ મનુષ્ય બુદ્ધિથી મેળવે છે. આપણે ચેતનનું રહસ્ય શોધીએ એ માટે ભગવાને બુદ્ધિ આપી છે, પણ એ ખોળવા આપણામાં ખરેખરી ઝંખના જાગતી નથી.

બુદ્ધિ એ ચેતનની નજીકનું અંગ છે. એને આપણે રાગદ્વેષ, કામ, ક્રોધ વગેરેથી રંગાયેલી અને આવરાયેલી રાખીએ છીએ. જેમ આપણે જે રંગના કાચવાળાં ચશ્માં પહેરીએ તે રંગનું જગત

દેખાય છે. તેમ બુદ્ધિને આપણે આવી રંગાયેલી રાખીએ તો સત્ય હકીકત લાગે નહિ. સાચું સમજાય નહિં. બુદ્ધિને શુદ્ધ કરવા પ્રાણની શુદ્ધિ થવી જોઈએ.

**પ્રાણ એટલે આશા, તૃષ્ણા, કામ, મોહ અને લોભનું સંમિશ્રણ.** એની શુદ્ધિ થાય એટલે બુદ્ધિની શુદ્ધિ થવા માંડે. બુદ્ધિની શુદ્ધિ થાય એટલે સમતા પ્રગટે અને સમતા પ્રગટે એટલે ભગવાન સાથે જોડાઈ શકાય.

('મૌનમંદિરનું હરિદ્વાર' આ.૪, પૃ.૬૧,૬૨,૬૫)

## ૩૫. જીવનગીતા અધ્યાય-૨

પરિણામતણા કોઈ વિચારો મનમાં સ્ફુર્યે;
નિશ્ચે જાણી લે, પાર્થ ! બુદ્ધિ મેલી ત્યહીં બને.
૭૧

## ૩૬. કર્મકાંડ

'વેદિયા માણસો કોઈ કર્મકાંડે રચીપચી-
પામવા કૈં ફળો જુદાં ક્રિયાઓ આદરે ઘણી.'
૭૨
એકથી જો ન આવે તો પરિણામ, બીજી ક્રિયા,
કરવા દોડતા તેઓ, ચાલે એવી પરંપરા.
૭૩
વળી કોઈ બતાવે જો ત્રીજું, તે કરવા મથે,
આચરતાં બધું તેમ, બુદ્ધિ ડ્હોળાય જાય છે.
૭૪

તેથી એકાગ્ર બુદ્ધિથી, ફળની આસક્તિ રાખ્યા વિના, કર્મ તો કરવાં જ, પરંતુ પ્રભુપ્રીત્યર્થે ને સમર્પણભાવથી.

'બુદ્ધિ એકાગ્ર તો તેથી કર્મે કેન્દ્રિત ધારીને,
કર્યે જા કર્મ બુદ્ધિમાં તું સમભાવ યુક્ત થૈ.'
૭૫

એકાગ્ર બુદ્ધિવાળા જે, વેધી તે લક્ષ્યને શકે;
જે બુદ્ધિ વિખરાયેલી, તે તો નિષ્ફળ થાય છે.
૭૬

કર્મયોગ કરતાં કરતાં તારી બુદ્ધિ નિર્મળ થતી જશે ને તેમ થતાં તું યોગનિષ્ઠ થશે.

## ૩૭. સમત્વ-બુદ્ધિ

'ત્રિગુણે વેદ પુરાયા, જાને તું પાર તેમની;
નિર્દ્વંદ્વ, નિત્ય, સાત્ત્વિક, નિશ્ચિંત, યોગક્ષેમથી.'
૮૯

જડ કર્મથી સારો છે બુદ્ધિયોગ ધનંજય !
સાત્ત્વિક બુદ્ધિનો તેથી લે તું ભક્તિથી આશ્રય.
૯૦

રાગદ્વેષાદિથી મુક્ત થાતાં થાતાં મતિમહીં
સમતા પ્રકટે ત્યારે બુદ્ધિ સાત્ત્વિક થાય છે.
૯૧

જે કર્મમાં ફળેચ્છા રહે કર્મબંધન તે બને;
ખરે ! કૃપણ જાણો તે, એવું વર્તન જે કરે.
૯૨

ફળ સારાં અને ખોટાં કર્મોનાં સર્વને મળે;
સમત્વ બુદ્ધિ પામેલા યોગીને કદી ના અડે.
૯૩

કર્મમાં ભાવ જ્યાં જન્મે સૌ કૌશલ્ય તહીં સૂઝે;
એને તું જાણજે યોગ, તું તેથી સાધ યોગ તે.
૯૪

મોહ-કાદવથી જ્યારે તારી બુદ્ધિ થશે પર,
જાણેલું, જાણવા યોગ્ય બન્નેથી તું જશે પર.
૯૫

સાંભળીને જુદું જુદું થયો છે બુદ્ધિમાં ભ્રમ;
કિંતુ સ્થિર થતાં બુદ્ધિ, યોગમાં તું થશે રત.
૯૬

સમતાયે હૃદે એવી ક્યાંથી હે કૃષ્ણ ! લાવવી !
ને એવી સ્થિર બુદ્ધિ તે કેમ આવી શકે વળી ?
૯૯

એવા સ્થિર બુદ્ધિવાળા કેમ બોલે, ચાલે ને કેમ વર્તે ? તેના એવા સવાલ પરથી શ્રીભગવાન સ્થિરબુદ્ધિ-સમાધિસ્થનું વર્ણન આપવા માંડે છે.

## ૩૮. સ્થિરબુદ્ધિ અથવા સ્થિતપ્રજ્ઞ

એવી જે સ્થિર બુદ્ધિના હોય કેવા કહો મને;
કેમ તે ઓળખાયે તે મને કહો સમજાવીને ?
૧૦૦

ત્યારે કૃષ્ણ કહે છે કે સુણજે ચિત્ત રાખી તું;
સમાધિસ્થ હશે કેવા તુજને તે હું વર્ણવું.
૧૦૧

કામનામાત્રનો જેણે પૂરો ત્યાગ કર્યો ખરે,
સંતોષ મેળવી લે જે પોતામાંથી જ અંતરે.
૧૦૨

એવા સૌને 'સમાધિસ્થ' નિશ્ચયે પાર્થ ! જાણજે,
'સ્થિરચિત્ત', 'સ્થિરપ્રજ્ઞ', કહેવાયે સમબુદ્ધિ તે.
૧૦૩

થશે ના દુઃખથી દુઃખી એવા માનવ તો કદી;
ફુલાઈ ના જશે એવા સુખની વૃષ્ટિ છો થતી.
૧૦૪

સૌ શુભાશુભ કર્મોમાં રે' અવિચળ ભાવથી;
ભય, રાગ ત્યજી ક્રોધ વર્તે તે જ્ઞાની જાણજે.
૧૦૫

**હૃદયની સંપૂર્ણ પ્રભુભક્તિ હોય તો જ સ્થિરબુદ્ધિ થવાય.**

મારામાં જે પૂરેપૂરો રહી ભક્તિપરાયણ,
મારામાં ઈન્દ્રિયો રાખે, તે જાણો સ્થિરબુદ્ધિનો.
૧૨૦

## ૩૯. સ્થિરબુદ્ધિ અને ચંચળબુદ્ધિ

'કિંતુ ના સ્થિરબુદ્ધિ જે, એને શી શુભ ભાવના ?
જે તે ના ભાવના ઊર્ધ્વ શાંતિ ક્યાં થકી એહમાં ?'
૧૩૮

નથી જ્યાં શાંતિ કાંઈ ત્યાં સુખ ક્યાંથી મળે ? કહે;
એવાઓ તો અશાંતિના સમુદ્રે જ ડૂબ્યા કરે.
૧૩૯

દીવા જેવું જણાયે જ્યાં સોંસરું સ્થિતપ્રજ્ઞને,
વિષયોમાં રચેલા છે, અજ્ઞાની કૈં ન ત્યાં જુએ.
૧૪૦

અજ્ઞાનીને દીસે 'ચોખ્ખું' તે ભાસે સ્થિરબુદ્ધિને,
યોગી જે છે, સમાધિસ્થ, 'મેલું' જુએ અવશ્ય તે.
૧૪૧

આવા સ્થિરબુદ્ધિ કે સ્થિતપ્રજ્ઞ યોગીનો પરમાનંદ કેવો હોય છે, તે તરફ આંગળી ચીંધી શ્રીભગવાન સ્થિતપ્રજ્ઞનું લંબાણભર્યું ને મોહક વર્ણન સમાપ્ત કરે છે.

## ૪૦. બ્રાહ્મી સ્થિતિ

'નદી-નાળાંતણાં પાણી સમુદ્રે શમી જાય છે;
વિષયોમાત્ર યોગીમાં તેવી રીતે સમાય છે.'
૧૪૨

રહે સમુદ્રની પેઠે તેઓની શાંત પ્રકૃતિ;
એવી તે યોગીઓની શી નિત્ય દિવ્ય રહે સ્થિતિ.
૧૪૩

ત્યજીને કામના સર્વે નિરહંકારી તે રહે;
રહી તટસ્થ ન વર્તે; છોડી સૌ મમતા જીવે.
૧૪૪

આંતરબાહ્ય સ્થિતિ એવી પ્રત્યક્ષ પ્રભુમાં જીવી,
મૃત્યુપર્યંત જે જીવે, તે પામે બ્રહ્મની સ્થિતિ.
૧૪૫

('જીવનગીતા' આ.૧, અ.૨, પૃ.૩૨, ૩૩, ૩૫ થી ૩૮, ૪૧, ૪૪, ૪૫)

## ૪૧. બુદ્ધિમાં પ્રકાશ

બુદ્ધિ પણ ભગવાનનું સ્વરૂપ છે. એના વડે કરીને સંસારમાં સમજણ પ્રગટે છે. બુદ્ધિથી સંજોગોનો પ્રકાશ પણ જોઈ શકાય છે. એ ભગવાન સાથે એકધારો સંબંધ કરીએ તો બુદ્ધિ વધારે તેજસ્વી, ઉકેલ કરનારી અને કામયાબ નીવડી શકે, સંસારવહેવારમાં અનેક જાતના કોયડા પ્રગટે. જો કોયડા પણ ભગવાનનાં ચરણકમળે રજૂ કરીએ અને એમની સાથે પ્રેમભર્યો સંબંધ થયો હોય તો ઉકેલ તરત જ મળે છે. **જેમ વીજળી કરવા સ્વિચ કરવાની જરૂર હોય છે, એ પ્રમાણે ભગવાન સાથે જીવતો સંબંધ રાખીને એને પોકાર કર્યો હોય તો એ હાજર થઈ જાય છે,** પણ આપણે સંબંધ બાંધવા સ્વિચનો ઉપયોગ પણ કરતાં નથી. એની સાથે જો પ્રેમભાવવાળો સંબંધ હોય તો બુદ્ધિ, જે એક સાધન છે, તેના દ્વારા ઉકેલ મળી આવે.

('મૌનમંદિરનું હરિદ્વાર' આ.૪, પૃ.૧૧૩-૧૧૪)

## ૪૨. નામસ્મરણ માટે બુદ્ધિ

બુદ્ધિ ચેતનની સૌથી નજીકનું કરણ છે. બુદ્ધિ વડે ભગવાનના નામસ્મરણમાં એકધારાપણું પ્રકટે તો એવી સ્થિતિ

પ્રગટે કે જેના વડે કરીને નિર્મોહ, નિર્મમત્વ પ્રગટાવી શકાય. બુદ્ધિ આ વાતને એકદમ સ્વીકારતી નથી.

('મૌનમંદિરનો મર્મ' આ.૨, પૃ.૭૧)

## ૪૩. બુદ્ધિનો વિકાસ શ્રદ્ધા આધારિત

જો શ્રદ્ધામાંથી બુદ્ધિનો વિકાસ ન થાય તો એ શ્રદ્ધા નથી. ભગવાનનો ભક્ત એકધારું સ્મરણ કરે છે, ત્યારે શ્રદ્ધા પ્રકટે છે અને તેને ભગવાન બુદ્ધિયોગ આપે છે. બુદ્ધિયોગવાળા ધારે તો વધારે કમાઈ શકે. માટે કહું છું કે જીવનનિર્વાહનું બહાનું ન કાઢો. જીવનનિર્વાહ તો ભગવાનના સ્મરણથી વધુ સારી રીતે ચલાવી શકાય, પણ એમાં શંકા કરે છે એટલે પંચાત થાય છે.

('મૌનમંદિરનો મર્મ' આ.૨, પૃ.૭૧)

## ૪૪. બુદ્ધિની શુદ્ધિ

બુદ્ધિનું ક્ષેત્ર મન, ચિત્ત, પ્રાણ, અહમ્ કરતાં નિરાળું છે. બુદ્ધિનું ક્ષેત્ર સ્વતંત્ર છે. જો સંસારમાં વિચારીએ તો દરેકના સ્વભાવની સમજણ બુદ્ધિ વડે થાય છે. બુદ્ધિ એ પ્રકાશ પાડનારી સૂક્ષ્મ ઈન્દ્રિય છે. એના વડે સંસારવ્યવહારની સમજણ પડે છે. બધાંની સમજણ પડે છે, પણ બુદ્ધિ પ્રાણના રંગે રંગાયેલી છે. એટલે જેવી આશા, ઈચ્છા, કામના, લોલુપતા વગેરે હોય તેવી બુદ્ધિ થતી હોય છે. એટલે દુઃખમાં સુખ અનુભવવું હોય તો ઈન્દ્રિયો મઠારવાની જરૂર અને તે પ્રાણ અને બુદ્ધિ.

જો કામ, ક્રોધ, આશા, તૃષ્ણા વગેરે તથા માન્યતાઓ, પૂર્વગ્રહો વગેરે મોળાં પાડીએ તો બુદ્ધિ શુદ્ધ થાય.

જીવનનિર્વાહ માટે કર્મ જરૂરનું. તો બુદ્ધિ કહે છે કે આશા, કામના, લોલુપતા વગર તો કર્મ કેવી રીતે સંભવે ? પણ એનો અનુભવીઓએ ઉકેલ કાઢ્યો કે ભાઈ 'અનાસક્ત થાઓ અને કર્મ કરો.' દરેકમાં નિર્ભેળપણું કેળવો, નિર્મમત્વ કેળવો. જેમ નિર્ભેળપણું, નિર્મમત્વપણું કેળવીએ તેમ બુદ્ધિ શુદ્ધ થતી જાય છે, તેજસ્વી બને છે અને આપણા પ્રશ્નો, કોયડાઓનો ઉકેલ બહુ સરસ રીતે નીવડે અને કઈ રીતે કામ કરીએ તો એનો યોગ્ય ઉકેલ આવશે એની એને સમજણ પડતી જશે અને સામાન્ય બુદ્ધિ કરતાં વિશેષ સમજણ એનામાં પ્રગટે છે. એટલે બુદ્ધિની માન્યતા ખોટી પડે છે કે કામના, લોલુપતા વગર કર્મ નથી થઈ શકતાં.

('મૌનમંદિરનો મર્મ' આ.૨, પૃ.૭૬-૭૭)

## ૪૫. રોટલા આપનાર ભગવાન

આપણે વિક્ષિપ્ત થઈ જઈએ તો ભગવાનને પ્રાર્થના, નિવેદન કર્યા કરો. બધાં કહે છે કે એ રોટલા આપી દેવાનો છે ? તો અમે કહીએ છીએ કે રોટલાનો આપનારો તો ભગવાન જ છે. આપણે સંસારમાં કમાઈએ છીએ તે બુદ્ધિ વડેને ? તો કહે કે હા. તો બુદ્ધિ એ ભગવાનની આપેલી છે અને ચેતનની નજીકમાં નજીકનું કોઈ તત્ત્વ હોય તો તે બુદ્ધિ છે, ને તેના વડે કમાઈએ છીએ એટલે ભગવાન જ રોટલા આપે છે.

('મૌનમંદિરનો મર્મ' આ.૨, પૃ.૯૭)

## ૪૬. બુદ્ધિનો પ્રકાશ ક્યારે ?

બુદ્ધિ એ ચેતનની નજીકમાં નજીકનું અંગ છે. ભગવાનના

સ્વરૂપનાં લક્ષણ જ્ઞાન અને પ્રકાશ છે. બુદ્ધિ સંસારના અનેક પ્રકારના સંબંધોમાં સમજણ પ્રેરે છે. એ બુદ્ધિ કોઈક વખતે સૂર્યના પ્રકાશ જેવી સમજણ પ્રગટાવતી નથી. એનું કારણ બુદ્ધિ કર્મથી અને પ્રકૃતિથી આવરાઈ જાય છે. આપણી બુદ્ધિ અનેક પ્રકારની કામના, આશા, લોલુપતાથી પ્રેરાયેલી રહ્યા કરે છે. એટલે કે બુદ્ધિ તદ્દન સાત્ત્વિક નથી. એમાં સમતા, તટસ્થતા નથી એટલે કોયડાનો ઉકેલ કરવામાં બુદ્ધિ કામયાબ નથી હોતી. બાકી, બુદ્ધિનું સ્વરૂપ તો જ્ઞાન-પ્રકાશ છે. જો બુદ્ધિમાં સમતા હોય તો દરેકનો ઉકેલ આવી શકે. એટલે જ્યાં સુધી એ અનેક પ્રકારના રાગદ્વેષથી પ્રેરાયેલી છે, ત્યાં સુધી એ આપણને સ્પષ્ટ ઉકેલ નથી આપતી.

('મૌનમંદિરમાં પ્રભુ' આ.૪, પૃ.૨)

## ૪૭. બુદ્ધિમાં સમત્વ ક્યારે ?

એમ કરવાને બુદ્ધિ વિશુદ્ધ કરવી જોઈએ. એ કેમ થાય ? તો કહે ભાઈ, અનાસક્તિ, નિર્મમત્વ, નિર્મોહ થાય એટલે સમતા અને સમત્વ પ્રગટે. મળેલું કર્મ ઉત્તમમાં ઉત્તમ થવાને બુદ્ધિની જરૂરિયાત. અને તે ખાતર જો બુદ્ધિમાં સમતા હોય તો એ ખરી વેળાએ કામ આપે. બુદ્ધિનો ધર્મ તર્ક, શંકાકુશંકા વગેરે કરવાનો. એટલે અનાસક્તિ, નિર્મોહ, નિર્મમત્વપણું વગેરે કેળવીએ. તો શું થાય ? બુદ્ધિ સાત્ત્વિક થાય.

('મૌનમંદિરમાં પ્રભુ' આ.૪, પૃ.૩-૪)

## ૪૮. ભગવાનનું દર્શન વૈજ્ઞાનિક હકીકત છે

મને એક ભાઈએ પૂછ્યું કે 'બધાંને ભગવાનનાં દર્શન થાય

છે. કોઈને કંઈ દર્શન થાય છે; કોઈને કંઈ એ બુદ્ધિપૂર્વક સમજાતું નથી. તો જે કંઈ દર્શન થાય છે તે વખતે એની બુદ્ધિ જેવી હોય, તેવી બુદ્ધિ આપણી થાય તો સમજણ પડે. પણ એવી ન થાય તોપણ કંઈ એમ ને એમ એટલે કે rationalty બુદ્ધિથી સમજી શકાય એવી સમજણ પાડો !'

વિજ્ઞાને સિનેમા ખોળી કાઢી છે તે જુઓ છોને ? ત્યાં શબ્દનાં આંદોલનોને તેજનાં આંદોલનોમાં ફેરવી કાઢવામાં આવે છે તે તો હકીકત છેને ? તો કહે 'હા !' તેવી જ રીતે ભક્ત લોકો એકતાનથી મચે. એના જે શબ્દો થાય, એનાં મોજાંઓમાંથી તેજ થાય છે અને તે વખતે તેની ભાવના અને બુદ્ધિ તેવી હોવાથી અને તે તેજમાંથી ભગવાનનાં દર્શન થાય છે. એટલે એને ગળે વાત ઊતરી કે 'વાત સાચી **મોટા.**' ભક્તને ભગવાનનાં દર્શન કેમ થાય છે ? શબ્દનાં આંદોલનોને તેજનાં આંદોલનોમાં જેવી રીતે ફેરવી શકાય છે, તેમ ભક્તને એના જે એકતાન અને ભાવથી બોલાયેલા શબ્દોનું તેજમાં રૂપાંતર થાય છે અને તેની તે વખતની ભાવના-બુદ્ધિ ભગવાનમય હોવાથી એને એવાં એવાં દર્શન થાય છે, એ વૈજ્ઞાનિક હકીકત છે.

('મૌનમંદિરમાં પ્રભુ' આ.૪, પૃ.૫૪-૫૫)

## ૪૯. બુદ્ધિયોગ સાધવા *મોટા*નાં મૌનમંદિરો

ભાવની ગાઢતા વધારો. એનાથી બુદ્ધિનો તર્ક-શંકા-કુશંકા કરવાનો જે ગુણ છે, તે વૃત્તિ બદલાઈ જાય. ભગવાન તો ગીતામાં કહે છે : 'મારા ભક્તને હું બુદ્ધિયોગ આપું છું. (ગીતા. ૧૦/૧૦) ભક્તને પ્રખ્યાત થવું નથી એને તો હૈયાઉકલત એવી હોય છે કે

એવી બીજાને જણાતી નથી. અને એનામાં જે બુદ્ધિ છે, તે બીજાને જણાવા પણ ન દે. ઊલટો મેલાઘેલા જેવો લાગે. એટલે આવો ભાવ જ્યારે પ્રગટે અને એની જેમ જેમ ગાઢતા થાય, ત્યારે ભાવાવેશ થાય, ત્યારે ભગવાન એને બુદ્ધિયોગ આપે છે. એ દરેકમાં પછી સમાધાન કરે છે. એને પછી નીતિ અને અનીતિ જેવું નથી હોતું, કારણ કે દ્વંદ્વમાંથી નીકળવાની સ્થિતિમાં થતો જાય છે; એ Fourth Dimension ચોથા ડાયમેન્શનમાં વસે છે. આપણે ત્રીજા ડાયમેન્શનમાં છીએ. એ દ્વંદ્વની ભૂમિકામાંથી નીકળી જાય છે. આ પ્રયોગ કરાય તેને માટે આ મૌનમંદિરો છે અને બુદ્ધિથી સમજાય એવી વાત છે, પણ એ પ્રયોગ કરીને ખોળી કાઢે ત્યારે જ સાચું. માટે પ્રયોગ કરી જુઓ.'

('મૌનમંદિરમાં પ્રભુ' આ.૪, પૃ.૫૮-૫૯)

## ૫૦. ભગવાનનું નામસ્મરણ બુદ્ધિથી સ્વીકારો

આપણામાં પાંચ તત્ત્વો છે. આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી. આકાશનો સંબંધ શબ્દ સાથે, તેજનો પ્રકાશ સાથે, વાયુનો સ્પર્શ સાથે, જળનો રસ સાથે અને પૃથ્વીનો (સુ)ગંધ સાથે છે. આકાશતત્ત્વમાં શબ્દ છે અથવા આકાશમાંથી ઉત્પન્ન થયો છે એમ ભગવાનનું નામ એકધારું લેતા આકાશતત્ત્વ ખીલે છે અને આકાશને સત્ત્વગુણ સાથે સંબંધ છે. એટલે જ્યારે આકાશતત્ત્વ ખીલે એની સાથે સત્ત્વગુણ ખીલતો જાય છે અને એમ કરતાં રજસ અને તમસ આપમેળે મોળાં પડી જવાનાં એટલે કરોડો મણ અંધકાર પણ એક નાનકડા દીવાથી નાસી જાય છે તેમ (રજસ, તમસ આધારિત) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ,

મત્સરરૂપી અંધકાર ભગવાનનો સ્મરણરૂપી દીવો કરીશું તો આપમેળે ભાગી જશે, પણ એમાં નિરંતરતા જોઈએ. નિરંતરતા પછી જ આમ થશે.

એટલે આ ભગવાનનું સ્મરણ એ Rational બુદ્ધિથી સમજી શકાય એવી વાત છે. એની કોઈ ના પાડી શકે એમ નથી.

('મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા' આ.૩, પૃ.૨૧)

## ૫૧. પૈસા કમાવા માટે બુદ્ધિ

પૈસા કમાવા બુદ્ધિ ખપની ખરી ? તો કહે 'હા' પણ સંસારમાં બુદ્ધિ તો અનેક પ્રકારની સંકળામણમાં હોય છે. ઘણા પ્રસંગોમાં એ બહેર મારી જાય છે. તો જે ભગવાનનું સ્મરણ કર્યા કરે છે, મનનચિંતવન કર્યા કરે છે, તેની બુદ્ધિ હળવી રહે છે, હૈયાસૂઝ પ્રગટે છે. એ ઝટ કામ ઉકેલી શકે છે. એટલે જો બુદ્ધિ હળવી રહે તો કામ જલદી થાય, પણ ભગવાનના સ્મરણથી બુદ્ધિ હળવી થાય એવું કોઈ ન માને તો પ્રયોગ કરી જુઓ. પૈસા કમાવા બુદ્ધિની જરૂર છે અને એ હળવી રહે, હૈયાસૂઝ પ્રગટે એ માટે રામબાણ ઔષધ ભગવાનનું સ્મરણ છે. એ અનેકના જીવનની અનુભવેલી વાત છે.

('મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા' આ.૩, પૃ.૩૩)

કૃપા સ્વચ્છંદી પોતે ના કૃપાનું કોઈ ધોરણ
—બુદ્ધિમાં આપણીયે ના બેસવાનું કદી પણ
કૃપાને પ્રીછવા કાજે કોરી બુદ્ધિનું કામ ના,
ભક્તિ-રંગ વિના લાગ્યા કૃપા કળાય ના કદા.
૧૦૨

ડહાપણતણો પોતે સમુદ્ર હોય, ધારીને
બુદ્ધિ સંપૂર્ણ જાણે કે પોતામાં શી ભરેલ છે !
ન્યાયને તોળવા તેવાં શાં એકદમ તત્પર !
ખાટલે ખોડ એવાંને પોતાની શેં સૂઝે દિલ !

(‘કૃપા’ આ.૧, પૃ.૧૦૨,૧૦૬)

## ૫૨. વિવેક વિનાની બુદ્ધિના નિર્ણય બંધનકારક

જ્યારે ઈન્દ્રિયો નિરાસક્ત થવા માંડે છે અને એમ થતાં થતાં સંપૂર્ણપણે એ આસક્તિરહિત થાય છે, ત્યારે જ આપણને સાચી વિવેકશક્તિ મળે છે. હાલની આપણી અવસ્થામાં આપણી બુદ્ધિના નિર્ણયો પણ વિવેકવાળા નથી હોતા, કેમ કે આપણી બુદ્ધિ અનેક જન્મોના સંસ્કારોથી વિવિધ રંગે રંગાયેલી હોય છે, તેથી એવી બુદ્ધિએ સુઝાડેલા નિર્ણયો પૂરેપૂરા સાચા જ છે એમ માની લેવું, એ ભગવાનને રસ્તે જવાના પોતાના માર્ગ પર પથરા નાખવા સમાન છે. માટે, એવા નિર્ણયોને આધારે જીવન ઘડવું એ યોગ્ય નથી.

આપણે એ સમજવું જોઈએ અને આપણે એ યાદ રાખવું જોઈએ કે મોહરૂપ કાદવમાં પડેલી બુદ્ધિના નિર્ણયો પૂરેપૂરા સાચા તો નથી જ.

(‘સુખનો માર્ગ’ આ.૫, પૃ.૪૨-૪૩)

તમારી બુદ્ધિથી વિચાર આવે કે ‘આપણે શું કરવું છે ? ક્યાં જવાનું છે ? કેમ જવાનું છે ?’ એ બધું આપણને બતાવે. એકલું રજસ હોય તો બુદ્ધિ પણ એટલી જબ્બર ગતિ કરે. ‘બુદ્ધિ ગુણાનુસારિણી.’ બુદ્ધિ ગુણ વડે છે. સત્ત્વમાં તમે રહો તો બુદ્ધિ

સત્ત્વના આશ્રયે. રજસમાં હો તો રજસના આશ્રયે. તમસમાં હો તો તમસના આશ્રયે. એ બુદ્ધિ જે એકલા રજસમાં જેવા પ્રકારની હોય તે રજસ ને તમસ ભેગા થયા ત્યારે બુદ્ધિનું સ્વરૂપ જુદું. બુદ્ધિ તો એકની એક પણ સત્ત્વની બુદ્ધિ જુદી અને એકલું રજસ હોય તો તેની બુદ્ધિ જુદી અને રજસ અને તમસ હોય તેની બુદ્ધિ જુદી. એટલે બુદ્ધિ એકની એક પણ જેવો તેનો સંગ થયો તેવો તેનો રંગ થઈ જાય. આવું બધું એનું સ્વરૂપ છે.

('પૂ.શ્રીમોટા સાથે સત્સંગ' એકીકરણ-સમીકરણ, આ.૧, પૃ.૮૯-૯૦)

આપણે બુદ્ધિથી વિચારીએ કે પ્રાણ કેવી રીતે ભળે ? એ થવા માટે આ વિષય પરત્વે બુદ્ધિથી, કોરી તો કોરી, એના પરિચયમાં રહ્યા કરો. બુદ્ધિથી આપણે સમજીએ છીએ કે આ ઊર્ધ્વ પ્રકારનો માર્ગ છે. એટલે એકદમ પ્રાણ ભળવાનો નથી. બુદ્ધિથી ઊર્ધ્વ પ્રકારનું વિચારી શકાય છે. એકલી બુદ્ધિ કામ કરતી હોય તો ત્યારે ડેપ્થ નથી હોતી એ ખરું, પણ બુદ્ધિ વિચારી શકે છે. બુદ્ધિથી એ વિષયના કોન્ટેક્ટમાં રહ્યા કરતાં કરતાં પાંચ છ કલાક થાય, ત્યારે પ્રાણ ભળવા માંડે છે. આપણામાં માણસો વિષે પૂર્વગ્રહ બંધાય છે, એ પ્રાણતત્ત્વને લીધે. બુદ્ધિ પછી આવે છે.

('પૂ.શ્રીમોટા સાથે સત્સંગ' જોડાજોડ, આ.૧, પૃ.૬૬-૬૭)

## ૫૩. બુદ્ધિ પ્રકૃતિના ક્ષેત્રમાં પ્રગતિકારક છે.

માત્ર બુદ્ધિ વિચારે છે એટલે કન્વીક્શન નહિ થાય. બુદ્ધિથી કન્વીકશન થાય છે એ વાત ખોટી છે. એમાં પ્રાણ અને અહમ્ મળે છે. કન્વીકશન થવામાં બુદ્ધિ, પ્રાણ ને અહમ્ ત્રણેય ભેગાં

થાય છે. બુદ્ધિથી કન્વીકશન થાય છે એમ આપણે કહીએ ખરાં પણ માત્ર બુદ્ધિથી કન્વીકશન થયું હોય તો તે પ્રમાણે આપણે વર્તીએ નહિ. આપણાથી તે પ્રમાણે વર્તાય નહિ. કન્વીકશન થાય ત્યારે જ વર્તાય.

પહેલું બુદ્ધિમાં ઊગે, પછી પ્રાણને ટચ (સ્પર્શ) થાય. પછી અહમ્ એમાં ભળે. સામાન્ય માણસ તરીકે આપણે વિચારીએ તો બુદ્ધિ અને પ્રાણ—આ બે જ તત્ત્વ આપણામાં કામ કરે છે. વિચારવાનું કામ જે કરે છે તે બુદ્ધિ છે અને જે બધી ક્રિયા થાય છે તે પ્રાણ છે. સંસારવ્યવહારમાં બુદ્ધિ કરતાં પ્રાણ તત્ત્વ આગળ છે. એટલે આધ્યાત્મિક માર્ગે જવું હશે તો પ્રાણતત્ત્વને મોળું પાડવું પડશે અને બુદ્ધિને મોળી પાડવી પડશે. બુદ્ધિ અને પ્રાણતત્ત્વ એ માત્ર પ્રકૃતિને જ વળગેલાં નથી. એ તો ચેતનતત્ત્વ સાથે પણ છે. 'ચેતન તો જાણે જ નહિ—એવા જીવનમાં આપણે વર્તીએ છીએ. ચેતનને આપણે ગણકારતાં જ નથી અને કામમાં લેતાં જ નથી. એટલે બુદ્ધિ ને પ્રાણતત્ત્વ એની સાથે વળગેલાં આપણને લાગતાં નથી. ખરી રીતે બુદ્ધિ ને પ્રાણ ચેતનતત્ત્વની સાથે સંકળાયેલાં છે. એટલે આપણે જેમ જેમ એના વિષે મનનચિંતવન કરતાં જઈએ છીએ તેમ તેમ બુદ્ધિ અને પ્રાણતત્ત્વ આપણને મદદ કરનારાં થઈ પડે છે. બુદ્ધિ પ્રકૃતિના ક્ષેત્રમાં ફોરવર્ડ (પ્રગતિકારક) છે અને ઊર્ધ્વના ક્ષેત્રમાં પણ એ ફોરમોસ્ટ (મોખરે) છે.'

('પૂ.શ્રીમોટા સાથે સત્સંગ' અન્વય-સમન્વય, આ.૧, પૃ.૧૧-૧૨)

## ૫૪. ડિસીશનનું ક્ષેત્ર બુદ્ધિનું

પ્રાણ અને બુદ્ધિ માણસના જીવનમાં પ્રિડૉમિનન્ટ છે. બુદ્ધિ પછીથી આવે છે. પહેલું તો આ જ મોખરે રહે છે અને બુદ્ધિ એની સાથે રહે છે. કદીક બુદ્ધિ વિવેક કરી આપે છે ખરી. સારુંનરસું કયું છે એનો વિવેક કરી આપે છે. ડિસીશન હોય તો બુદ્ધિને જ છે. ડિસીશન આપવાપણું બુદ્ધિનું ક્ષેત્ર છે.

('પૂ.શ્રીમોટા સાથે સત્સંગ' અન્વય-સમન્વય, આ.૧, પૃ.૨૨-૨૩)

## ૫૫. બુદ્ધિનું ક્ષેત્ર ઊર્ધ્વદશામાં ક્યારે લાગે ?

એ પ્રકારનો એનો અભ્યાસ થાય, જેને વધારે ને વધારે મનનચિંતન રહે છે, ત્યારે બુદ્ધિ ઊર્ધ્વ પ્રકારની થયા કરે છે, ત્યારે મન પણ એ પ્રકારનું થાય. જ્યારે ઊર્ધ્વ પ્રકારનો પહેલો સ્પર્શ બુદ્ધિને લાગે છે, બુદ્ધિને સ્પર્શ લાગે તો જ પ્રાણ એ પ્રકારનો થઈ શકે છે. આટલો ફરક છે. નિમ્ન પ્રકારમાં પ્રાણ પહેલો આવે છે. બીજી બુદ્ધિ આવે. ઊર્ધ્વ પ્રકારમાં બુદ્ધિનો પહેલો સ્પર્શ થાય. એટલે ઈન્ટેલેક્ચ્યુઅલ ગ્રાસ્પ (બૌદ્ધિક સ્વીકાર) આપે છે. આપણને એનું ઈસેન્સીયલ (અનિવાર્ય) લાગે છે કે 'આ જ ખરું છે, બીજું બધું ખરું નથી. રીયાલીટી આ જ છે' એનું ભાન બુદ્ધિને થાય છે. પછી એમાં પ્રાણ ભેગો થાય છે.

('પૂ.શ્રીમોટા સાથે સત્સંગ' અન્વય-સમન્વય, આ.૧, પૃ.૨૩)

## ૫૬. બુદ્ધિ માટે સમાધાનનો માર્ગ અપનાવો

હું સમજું છું તે મારી સમજણ છે તે હું કહું છું. મેં કંઈ શાસ્ત્ર-બાસ્ત્ર વાંચ્યાં નથી. બુદ્ધિ સ્વીકારી શકે તેવી હું વાત કરું

છું. તેમાં કોઈ તર્કદોષ આવે તો જરૂર મને કહેવું, કારણ કે જો તર્કની સાથે સુમેળ ના હોય અને બુદ્ધિથી એ વાત પૂરેપૂરી ગળે ના ઊતરે તો ખચકો પડે. તો એ બુદ્ધિ આપણને બરાબર કામ નહિ આપે. બુદ્ધિને હંમેશાં સંતોષવી. આ માર્ગે જવું છે તેણે બુદ્ધિને સંતોષવી પડે. ધારો કે બુદ્ધિથી તો બીજા વિચાર કરે તો એને કહેવું કે 'તું બીજા વિચાર કરે તે બરોબર નથી. આ કામ આપણે કરવાનું છે તે તું જાણે છે કે નહિ ? તો આ કામ કરવાને તું વિચાર કરે છે તો શું થશે ? પછી આ બધું શા માટે ?' એમ બુદ્ધિને પણ સમજાવવું પડે છે. બુદ્ધિનો વિરોધ કરીને આપણે કશું પામી નહિ શકીએ. આમાં આપણે કોમ્પ્રોમાઈઝ—સમાધાનનો માર્ગ સ્વીકારવો પડશે. બધાં સમાધાન ઊર્ધ્વ પરત્વે જવાને માટે સમજાવવાં પડશે.

('પૂ.શ્રીમોટા સાથે સત્સંગ' અન્વય-સમન્વય, આ.૧, પૃ.૩૨)

## ૫૭. તટસ્થતા માટે બુદ્ધિની મદદ

જ્યારે તટસ્થતા પ્રગટે છે, એમાં બુદ્ધિની મદદ આપણે લેવી પડે છે. બુદ્ધિ ખીલે છે ખરી. તર્ક, દલીલ, શંકા એ બધા બુદ્ધિના વિષયો છે. પણ એ એની સાથે એકાકાર થયેલા નથી. એટલે એ વિરોધ કરે છે. એ વિરોધ કરે છે તે બુદ્ધિનું પોતાનું જ અંગ છે. આપણું પોતાનું જ અંગ હોય છે, તે આપણો વિરોધ કરે છે. તે આપણને કબૂલ થાય તેવી હકીકત છે. તેવી રીતે આ તર્ક, દલીલ, શંકા, કુશંકા—બુદ્ધિનાં અંગો—તે વખતે વધારે ને વધારે ખીલે છે અને વધારે ખીલીને તે અવરોધકર્તા બને છે. તેથી તટસ્થતાને અવરોધકર્તા બને છે. 'તટસ્થતા' કહ્યું ત્યારે તેનામાં

બુદ્ધિ નથી હોતી એવું નથી. જે તે બધું હોય છે—મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ તેને છે ખરાં, પણ બધાં ઠરેલાં છે.

## ૫૮. કન્વિન્સ થયેલી બુદ્ધિ પણ ઉછાળો મારે

આજે પ્રશ્ન આપણે ચર્ચીએ છીએ, તે બુદ્ધિ વિષે છે. બુદ્ધિ ખીલે છે, ત્યારે શંકા, કુશંકા, દલીલ વધારે ઍક્ટિવ (ક્રિયાન્વિત) બની પોતાનો ભાગ ભજવે છે અને ભજવે ત્યારે ઊંધું ઊંધું સુઝાડે. તર્ક, વિતર્ક, અવિવેક, શંકા, કુશંકા આ બધાંને ગાંડપણ વ્યાપે છે. એટલે એ જે પેલાનો (તટસ્થતાનો) વિષય છે, તેમાં બુદ્ધિ મદદ કરવા ગઈ છે, તેનો વિરોધ કરે છે. આ બુદ્ધિને ઉશ્કેરીને આ બધાં વિરોધ કરે છે. ત્યારે તટસ્થતાને બહુ પંચાત પડે છે. બીજાં બધાંને સમજાવવાં બહુ સહેલાં છે. મન છે, પ્રાણ છે, અહમ્ છે—આ બધાંને સમજાવવાં સહેલાં છે, પણ બુદ્ધિને રૅશનલી સમજાવવી બહુ અઘરી છે. તે ઘડીભર માનશે. પાછી ઉછાળો મારશે. 'ના ના બરાબર નથી.' એક વખત કન્વિન્સ થઈ ગઈ હોય કે આ બરાબર છે તોપણ પાછો ફરીથી ઉછાળો મારે છે. આવું બુદ્ધિનું કામ છે.

આવા ઊથલા મારે ત્યારે તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે અને પાછી સમજી પણ જાય છે, કારણ કે બુદ્ધિ પોતે સમજુ છે ને તર્ક, દલીલ સામું કરે તેને તે સમજી શકે તેમ છે. જોકે તેનાથી મૂકી દેવાતું નથી પણ તે સમજી શકે છે તે વાત પણ સાચી એ સમજી શકે છે. 'આ મારી વાત બરાબર નથી.' તેમ સમજી જાય છે.

આ ઊર્ધ્વ ક્ષેત્રમાં જવા માટે વધારેમાં વધારે મદદગાર મન,

બુદ્ધિ, ચિત્ત, પ્રાણમાંથી જો કોઈ હોય તો તે બુદ્ધિ છે. એટલે બુદ્ધિને મઠારવાને માટે તટસ્થતા બહુ મદદ કરે છે. જો તે અવળી ચાલે તો તેને પકડી સમજાવીએ—યોગ્યતાપૂર્વક, વિવેકપૂર્વક એનાં સાધનો સાથે એને સમજાવીએ—તો સમજે અને સીધા માર્ગે ચાલે. ઘણા ઊથલા ખાધા પછી બુદ્ધિ યોગ્ય પ્રકારની થાય છે.

તટસ્થ બુદ્ધિથી ઘણું બધું સૂઝે છે, પણ ત્યારે તટસ્થબુદ્ધિ તે પ્રકારની છે. ઊર્ધ્વ પ્રકારની નથી. આપણી આ દશામાં પણ છે ખરી. કારણ કે એ આપણને ઘણું બધું માનસિક રીતે સમજાવે છે, બતાવે છે. એ આપણા જીવનના ક્ષેત્રમાં કામ કરનારી વૃત્તિ છે.

('પૂ.શ્રીમોટા સાથે સત્સંગ' અન્વય-સમન્વય, આ.૧, પૃ.૩૩,૩૪,૩૫)

## ૫૯. બુદ્ધિ અને પ્રાણ

બુદ્ધિ ભગવાનનું સ્વરૂપ છે. આપણા આધારમાં એટલે કે આપણા શરીરની અંદર ભગવાનની—ચેતનની નજીકમાં નજીકનાં કોઈ અંગ હોય તો બે છે. બુદ્ધિ અને પ્રાણ. જેને જેને સ્પર્શે ત્યારે તેના રૂપ થઈ જાય છે. એટલે એ ચેતનનાં સ્વરૂપનું લક્ષણ છે અને બુદ્ધિ છે તે એના બધાં પાસાંઓને યોગ્ય રીતે સમજાવે છે. બુદ્ધિ પણ ભગવાનની છે. એટલે આપણે તે વખતે એમ માનીએ કે ભગવાનરૂપ છે અને એ બધા ઉકેલ કરે છે. 'હું મારી મેળે મારી બુદ્ધિ વડે કંઈ ઉપાયો શોધું છું' એમ જાણવું એ બરાબર નથી, કારણ કે આખરે તો બધાંનો આધાર એ જ છે. આખી પૃથ્વી—બ્રહ્માંડ આ બધાંનો આધાર, સાચેસાચ, ખરેખરી રીતે તો 'તું' જ છે અને મારી બુદ્ધિમાં પણ તું જ પ્રકાશ પાડનારો છે. ઉપાય પણ તું બતાડનારો છે. દા.ત., મારા ગુરુમહારાજે હુકમ

કર્યો કે ધુંવાધાર ધોધની સામે ડાબી બાજુએ ગુફા જેવું હતું. ત્યાં એટલો બધો ધોધ પડે કે એનાં બધાં ફોરાં એટલે બધે દૂર સુધી ઊડે અને આપણને ભયંકરતા લાગે—તે ધોધની વચ્ચે ડાબી બાજુ એક બાજુએ ગુફા જેવું હતું—ત્યાં પહોંચવું. પણ ત્યાં પહોંચવું કેમ ? હવે કોઈ ઉપાય તો જડે નહિ. તો પછી મેં તો પ્રાર્થના કરી 'હે પ્રભુ ! બુદ્ધિ તું જ છું અને બુદ્ધિ દ્વારા જ ઉપાય સૂઝે છે. તું જ ઉપાય મને બતાવનારો છે. ઉકેલ પણ તું જ કાઢનાર છે. હુકમ પણ તેં જ આપ્યો છે. તારી કૃપાથી મારો બેસવાનો નિશ્ચય પણ પાકો છે અને મને આ તેં સાધન આપ્યું છે, તે ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું છે. એ મારા ઉપર તારો કેટલો બધો ઉપકાર છે અને આખરે બુદ્ધિ તું જ છું. બુદ્ધિમાં પ્રકાશ પાડનાર પણ તું જ છે. એટલે આનો ઉપાય પણ સુઝાડશે જ એવો નિશ્ચય છે.' એવી પ્રાર્થના કરું. એ પ્રાર્થના મને રીયાલિસ્ટીક (વાસ્તવિક) લાગે છે. આપણે એમ કહીએ કે મને ઉપાય સૂઝી ગયો છે એને બદલે 'હે પ્રભુ, તારો અનંત ઉપકાર છે અને આનો ઉપાય મને સૂઝી ગયો છે ? એવું કોણ કરી શકે ?'

જેની એવી એકાગ્રતા સધાઈ ગઈ છે, જેનું લક્ષ ભગવાનમાં એકધારું એકાગ્રપણે ચોંટી જાય છે એવો ભાવ પ્રગટવાથી અને એ ભાવની એકાગ્રતાને લીધે મનાદિકરણ એટલાં બધાં શાંત અને સ્વસ્થ થઈ જાય છે—તે એવું કરી શકે. જે પ્રોબ્લેમ (સમસ્યા) કે કોઈ ગૂંચ કે પ્રશ્ન આવ્યા તે સબકોન્સયસ માઈન્ડ (અવચેતન મન)ની અંદર રહેલાં હોય છે. તે જતા નથી રહેતા. જ્યારે આપણામાં આવી સ્વસ્થતા મનાદિકરણમાં જન્મે છે, ત્યારે સબકોન્સયસ માઈન્ડમાં પડેલા પેલા પ્રોબ્લેમનો બુદ્ધિ દ્વારા ઉકેલ

બતાવી દે છે. તે આખરે તો ભગવાન જ છે. જેની સ્થિતિ થયેલી છે, તેને માટે આ પ્રાર્થના બરોબર છે, પણ સમાન્ય જીવનું એમ કહેવું કે 'મને ઉપાય જડી ગયો છે' તે રિયાલિસ્ટીક હકીકત નથી. તેને માટે તો એમ કહેવું જોઈએ કે બુદ્ધિ પણ તું જ છે. પ્રકાશ આપનાર પણ તું જ છે. ઉપાય સુઝાડનાર પણ તું જ છે. ઉકેલ કાઢનાર પણ તું જ છે. એ રીતે આ પ્રોબ્લેમ્સ મારા જે છે, હે પ્રભુ ! તેમાં તું પ્રકાશ મને પાડશે જ એવો જીવનમાં આટલા બધા પ્રસંગોના અનુભવ પછી તારામાં મારો આત્મવિશ્વાસ જીવતો થઈ ગયો છે. આનો ઉપાય પણ મને ચોક્કસ બતાવવાનો જ છે.' તેવી રીતે એ ભગવાનને પ્રાર્થના કરે તો એ વધારે રિયાલિસ્ટીક છે.

('શ્રીમોટા સાથે સત્સંગ', અન્વય-સમન્વય, આ.૧, પૃ.૫૧ થી ૫૩)

હૃદયનો ભાવ જુદો છે, વળી મનનોય જુદો છે,
મતિ, ચિત્ત, પ્રાણનો જુદો, અહમ્‌નોય જુદો છે !

એ બધાંનો જ્યાં એક સરખો સુમેળ સધાય, ત્યારે જીવનમાં આવા રહસ્યમય, ગૂઢતાવાળા પ્રસંગો છે અને એ શાથી છે ? તેનો હેતુ શો છે ? એ પણ ત્યારે જ સમજણ પડે. આ બધાનો એક સરખો સુમેળ સધાય, જે ભાવ જાગે એ ભાવથી એ બુદ્ધિનો વિકાસ થઈને એનો વિસ્ફોટ થઈને એ જુદી કક્ષામાં બુદ્ધિ ખીલે છે. જેમ ફૂલ સંપૂર્ણ ખીલે, ત્યારે સુવાસ આપમેળે નીકળે છે. એને કંઈ કાઢવા જવી પડતી નથી. એનો એ ગુણધર્મ છે. તેવી રીતે આ બુદ્ધિ પણ. જ્યાં બધાં કરણોનો એક સરખો સુમેળ સધાય છે, ત્યારે એ ભાવ જાગે છે. એ ભાવને લીધે, કુદરતી રીતે દરેકનો અસલ જે આત્માનો ગુણધર્મ—જે સ્વભાવ છે એ એકાંતમાં

ખીલે છે અને ત્યારે આ બધું—જીવનમાં ઘટનાઓ, ગૂઢતાવાળી ઘટનાઓ—તે આપણને બરોબર અનુભવમાં સમજણ પડે છે. એના હેતુની સમજણ પડે છે. એ પડવા લાગે ત્યાર પછી જ mysticism & life (જીવનનું ગૂઢ તત્ત્વ) આપણી બુદ્ધિમાં પ્રવેશતું જાય છે અને એની સમજણ પડતી જાય કે જીવનમાં આવું કોઈ mysticism છે. આખરે તો બ્રહ્માંડની આખી રચના અને લીલા નિહાળીએ તોપણ આપણને સમજણ પડે કે આ mysticism છે, પણ આપણી બુદ્ધિ વિચારી નથી શકતી, પહોંચી નથી શકતી.

(‘પૂ.શ્રીમોટા સાથે સત્સંગ’, ‘અન્વય-સમન્વય’ આ.૧, પૃ.૬૮-૬૯)

મૂળમાં તો આપણને જીવનમાં જીવનથી અમુક અમુક પરત્વે રાગ, મોહ, કામ, લોભ, તૃષ્ણા, મદ, મત્સર વગેરે વગેરે પ્રકારની વૃત્તિઓ હોય છે અને ખાલી બુદ્ધિ વડે કરીને ઊંચું ઊંચું વિચારવાની ઉપરછલ્લી રીતે ટેવ પડેલી હોય છે, એટલે તે બેનો મેળ કદી બેસી શકતો નથી. જો બુદ્ધિમાં સમતાયુક્ત નિર્ણય પ્રકટેલો હોય તો તે ‘જીવ’ પ્રકારની ગમે તેવી દ્વંદ્વાદિક વૃત્તિ હોય તોપણ બુદ્ધિમાં પ્રકટેલી સમતા આપણને વિવેકનું ત્રીજું નયન પ્રકટાવે છે. **બુદ્ધિમાં સમતા પ્રકટે છે, તેનું નામ યોગ છે.** એવી સમતામાં કોઈ પ્રકારનું ડોલન નથી. તલવારની કે અસ્ત્રાની ધાર જેવું નિશ્ચયાત્મક વર્તન અને તે પણ સોંસરું ને એકધારું ધ્યેય પરત્વેનું જ રહ્યા કરે છે.

બુદ્ધિમાં પ્રકટેલી સમતા યોગ્ય પ્રકારના વર્તન વિના બીજું કશું ખ્યાલમાં પ્રકટાવી શકતી નથી. એનામાં સંપૂર્ણ નિશ્ચલતા ને

નિરાંત પ્રકટેલી હોય છે. તે કશાથી ડગી કે હાલી પણ જતી નથી. એવી જ્ઞાનભક્તિયુક્ત બુદ્ધિમાંની સમતા કંઈ કશાથી ભાંગી શકતી પણ નથી. તેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ ધ્યેય પરત્વે એકાગ્રતા ને કેન્દ્રિતતા પામીપામીને વિસ્તાર થવાપણાની સ્થિતિમાં પ્રકટેલાં રહે છે. એ સમતાને કંઈ કશાથી ઊની આંચ નથી પ્રકટી શકતી.

એટલે આપણને તો હજી આવા જીવનના ધ્યેય પરત્વેની માંકડી ઘર કરીને બેઠેલી નથી અને હજી તો આપણને અહીંથી તહીં આમતેમ ફર્યા કરવાનું બન્યા કરે છે. તેવી દશામાં જ્ઞાનની ઊંચી ઊંચી વાત કરવી એ વાણી અને બુદ્ધિનો બન્ને રીતે વ્યભિચાર છે.

('પગલે પગલે પ્રકાશ' આ.૨, પૃ.૯૬, ૯૭)

## ૬૦. ભગવાનના માર્ગે બુદ્ધિ સતેજ થાય

ભગવાનને માર્ગે જેમ જેમ જઈએ છીએ તેમ તેમ શું થાય છે ? બુદ્ધિનો વિસ્તાર થાય છે. બુદ્ધિ ઓર પ્રકારની થાય છે. આપણા જેવી બુદ્ધિ રહેતી નથી. અત્યારે દાખલા તરીકે હું છું. પણ કોઈને એમ નહિ લાગે કે **મોટા**ની બુદ્ધિ બહુ હોશિયારીવાળી છે. એવું કોઈને લાગે નહિ.

('જીવતા નર સેવીએ' આ.૨, પૃ.૭૬)

## ૬૧. રાગદ્વેષવાળી બુદ્ધિ

રાગદ્વેષતણી ચાલ પ્રપંચી કપરી ઘણી,
બુદ્ધિને પાશ ઊંડો તે લગાડી દે નર્યો વળી.

બુદ્ધિમાં ઊતરેલું જે ઝેર તે નવ નીકળે,
રાગદ્વેષ વધાર્યાં તે કરાવ્યા કરશે પથે.

કેવી કુંઠિત બુદ્ધિને રાગદ્વેષ કરાવશે !
કદી મેળ થવા ના દે વાડ વચ્ચે રચાવશે.

છતાં શ્રેયાર્થીની બુદ્ધિ થતાં જે તીવ્ર સૂક્ષ્મને,
વિવેકે પારખી લૈને શ્રેયાર્થીને ઉગારશે.

રાગદ્વેષ થતાં ઢીલા, બુદ્ધિ શી ખીલતી જતી !
મોળા તે પાડવા કાજે જિજ્ઞાસાને બઢાવવી.

સામાન્ય બુદ્ધિમાંયે જે ઊતરી સમજાય છે
એવી રીતે લખેલું છે, બુદ્ધિની તર્ક યુક્તિથી.

('રાગદ્વેષ' આ.૩, પૃ.૧૮,૨૬,૩૦,૪૦,૫૫)

'હવે જીવવું કઈ રીતે ? જીવનનો તે પ્રમાણેનો'
-વિચારી બુદ્ધિથી ઊંડું, જીવન નકશો બનાવ્યો છે.

૨૨૫

કશો ઉપાય લેવાને ન બુદ્ધિ ચાલતી ત્યાં છે,
ખતરનાક સમય એવે હરિ દિલ સાંભરેલો છે.

૨૭૫

પડી ખાલી ન રહેવા દે, પળેપળનો જ ઉપયોગ
—થવા સદ્‌બુદ્ધિ પ્રેરાવે, તમન્નાનું જ તે લક્ષણ.

૩૪૫

તમારી બુદ્ધિનો ફાંકો જ્યહીં સુધી જીવંતો છે,
અહમ્ તે ત્યાં સુધી મોળું ન પડવાનું કદી પણ છે.

૩૫૪

સમજવું ખાલી બુદ્ધિથી કપૂરની વાસની પેરે,
—કટોકટીની અણી વેળા ઊડી જતું લાગતું ત્યારે.

('જીવનપગદંડી' આ.૧, પૃ.૧૯૩,૨૨૫,૨૭૫,૩૪૫,૩૫૪)

જગતજનની બધી અક્કલ ભલે હો તેમની પાસે,
અમારે તે ન ખપની છે, અમે તે વેચી ખાધી છે.

ધીરજ દિલ સ્વસ્થતા, શાંતિ, તટસ્થ રહી મથતાં તે,
—જીવનમાં બુદ્ધિએ ત્યાં શી મદદ મુજને કરેલી છે !

('જીવનકથની' આ.૨, પૃ.૫૯,૧૦૩)

શાસ્ત્રોનું વાચન ઘણું ઘણુંયે કર્યું શું ?
બુદ્ધિથી દોડી ભ્રમમાં પડી 'હું' વધાર્યું;

પ્રભુને ઝંખતા રહીને પ્રભુમય સૌ થવા કાજે
મળેલી બુદ્ધિશક્તિનો પૂરો ઉપયોગ કરજો તે

મળેલી બુદ્ધિ એ તો છે પ્રભુને પ્રીછવા કાજે,
કૃપાથી તે દીધેલી કે શકે ખોળી પ્રભુને તે.

મતિ જો બીજું સુઝાડે હૃદય વિચારવું પળ તે
'પ્રભુની શક્તિ 'બુદ્ધિ' તો મળી પ્રભુકામ કરવાને.'

પ્રભુ સદ્‌બુદ્ધિ તું દેજે હૃદયની પ્રાર્થના તુજને
અમારું શું થવા બેઠું ! પરસ્પર શાં લડી મરીએ !

('પ્રણામપ્રલાપ' આ.૧, પૃ.૭,૧૦૬,૧૨૦,૧૫૦)

યુદ્ધ આવી પડે જ્યારે બુદ્ધિ તેજસ્વી થાય શી !
યુદ્ધમાં કર્મની પૂરી સૌ હૈયાસૂઝ જાગતી.

ચાલ સંગ્રામની જુદી જુદી અટપટી રહે;
બુદ્ધિ કુશાગ્ર થાતી ને યુદ્ધે વાપરતાં વધે.

કર્મનાં સર્વ પાસાંને જોઈ તે તે વિચારવા
દીર્ઘદૃષ્ટિ, નવી બુદ્ધિ પ્રેરે સંગ્રામ શીઘ્ર ત્યાં.

મોહમુગ્ધ નશે એના જેવી બુદ્ધિ હણાઈ છે,
છતાં વાપરી બુદ્ધિ ત્યાં કહે અર્જુન કૃષ્ણને

કર્મને કરવા ઇચ્છા મુદલે જ્યાં ઊડી જતી;
ત્યારે ત્યાં કરવા લાગે બુદ્ધિ તર્ક દલીલ શી !

મોહ-નશે પૂરેપૂરો ચકચૂર થતાં, મતિ
બચાવ કરવા એનો ત્યારે તત્પર શી થતી !

મુઝાઈ ત્યાં મતિ જાય, સંદિગ્ધપણું એહને
આવરી કેવું તે લે છે ! જાણે અંધાર સૌ દિશે.

મોહથી આવરાયેલી તેની બુદ્ધિ ન સ્વચ્છ છે;
આવરાયેલ જે હોય મુઝાયે મતિ ત્યાં પથે.

પરિણામતણા કોઈ વિચારો મનમાં સ્ફુર્યે
નિશ્ચયે જાણી લે, પાર્થ ! બુદ્ધિ મેલી ત્યહીં બને.

*જીવદશાની બુદ્ધિ તો મડાગાંઠ અનેકથી,*
*ટેવો, સમજણોથી તે આવરાયેલ રહે પૂરી.*

*નિરાળું એવી બુદ્ધિથી જે સત્ય જુદું હોય છે,*
*પારખી શેં શકે એવી બુદ્ધિ તે સત્યને હૃદે ?*

*પ્રકૃતિકેરી બુદ્ધિમાં કામ ને ક્રોધ, લોભ છે,*
*મોહ-રાગ દ્વેષયુક્ત છે ઘેરાયેલી કેવી તે !*

*સદંશ બુદ્ધિમાં તેવી ભલેને હોય, તે છતાં*
*ખરડાયેલ બુદ્ધિથી યોગ્ય નિર્ણય થાય ના.*

*પ્રકૃતિમાંની બુદ્ધિ તે હોશિયાર બહુ હશે,*
*તેને છતાંય મર્યાદા, અમર્યાદ ન પારખે.*

વળી કોઈ બતાવે જો ત્રીજું, તે કરવા મથે,
આચરંતાં બધું તેમ, બુદ્ધિ ડ્હોળાય જાય છે.

જેમાં મોહાદિ છે સ્વાર્થ તેમાં બુદ્ધિ ન સ્વચ્છ ર્હે,
પાછી સ્વસ્થ જ સંપૂર્ણ તેવાં કર્મે ન બુદ્ધિ છે.

'બુદ્ધિ એકાગ્ર તો તેથી કર્મે કેન્દ્રિત ધારીને;
કર્યે જા કર્મ બુદ્ધિમાં તું સમભાવયુક્ત થૈ.

એકાગ્ર બુદ્ધિવાળા જે, વેધી તે લક્ષ્યને શકે,
જે બુદ્ધિ વિખરાયેલી, તે તો નિષ્ફળ થાય છે.'

*સંસારે માનવીકેરી બુદ્ધિ એવી જ રીતથી,*
*શી ડ્હોળાય અજંપાથી, પ્રીછે શેં ભાવ તે પછી.*

*जीवदशानी વૃત્તિનો જેમાં અભાવ પૂર્ણ છે,*
*સૌ મડાગાંઠથી મુક્ત સંપૂર્ણ જેની બુદ્ધિ છે.*

*ઊર્ધ્વના ક્ષેત્રના ભાવે રંગાયેલ બુદ્ધિ જે,*
*કદી નિષ્ફળ ના જાય, એકાગ્ર કેમ કે જ તે.*

*શી વ્યવસાયવાળી ને, જંજાળે વ્યવહારની*
*ગૂંચવાયેલ રહે પૂર્ણ તેને સત્ય જડે નહિ.*

*પ્રકૃતિ વ્યવસાયોથી મુક્ત જે બુદ્ધિ છે ખરી,*
*દૈવી સામર્થ્યવાળી શી ! શાખા અનંતધારિણી.*

*એવી જે બુદ્ધિ ઊગેલી તે અમર્યાદ પારખે,*
*ગજું બાકીની બુદ્ધિનું જ્ઞાનપ્રદેશમાં ન છે.*

*ફળખ્યાલ જતો રહેતાં ને પ્રભુભાવ કર્મમાં*
*થતાં સ્થિર, થતી બુદ્ધિ, નિર્મળ સર્વ રીતથી.*

*નિર્મળ બુદ્ધિથી કર્મ થતાં પ્રત્યક્ષ ભાવ છે,*
*કર્મ સંપૂર્ણ જ્યાં ભાવ, તે કર્મયોગ જાણજે.*

## ૬૨. સમત્વ બુદ્ધિ

જડ કર્મથી સારો છે બુદ્ધિયોગ ધનંજય !
સાત્ત્વિક બુદ્ધિનો તેથી લે તું ભક્તિથી આશ્રય.

રાગદ્વેષાદિથી મુક્ત થાતાં થાતાં મતિમહીં,
સમતા પ્રગટે ત્યારે બુદ્ધિ સાત્ત્વિક થાય છે.

ફળ સારાં અને ખોટાં કર્મોનાં સર્વને મળે,
સમત્વ બુદ્ધિ પામેલા યોગીને કદી ના અડે.

*મોહ કાદવથી યુક્ત જે ઘેરાયેલ બુદ્ધિ છે,*
*આખરી સત્ય, તે બુદ્ધિ પામવા ના સમર્થ છે.*

*ટેવો, સમજણો, સર્વ મડાગાંઠો, મતાગ્રહો,*
*શંકા, સંદેહ, કુશંકા, શા શા મતમતાંતરો !*

*તે તે સર્વથી મુક્ત સંપૂર્ણ બુદ્ધિથી તો થતાં*
*શી કર્મયોગમાં બુદ્ધિ તેવી લાગે ખરી તદા !*

મોહ કાદવથી જ્યારે તારી બુદ્ધિ થશે પર;
જાણેલું, જાણવાયોગ્ય, બન્નેથી તું જશે પર.

ભક્તિમાં તો ભળ્યા વિના, બુદ્ધિ નિર્મળ થાય ના,
ભળાતાં ભક્તિમાં પૂર્ણ મેળે નિર્મળ બુદ્ધિ ત્યાં.

કામક્રોધાદિ સંપૂર્ણ ત્યજાતાં તે સમૂળગાં,
ભાવથી ભરીને બુદ્ધિ નિર્મળ કેવી આપમાં !

જ્યાં સુધી ભ્રમ બુદ્ધિમાં, નિર્મળ બુદ્ધિ તે ન છે,
કર્મયોગ જરૂરી છે નિર્મળ બુદ્ધિ કેવી તે !

સાંભળીને જુદું જુદું થયો છે બુદ્ધિમાં ભ્રમ,
કિંતુ સ્થિર થતાં બુદ્ધિ, યોગમાં તું થશે રત.

સમતાયે હૃદે એવી ક્યાંથી હે કૃષ્ણ લાવવી ?
ને એવી સ્થિર બુદ્ધિ તે કેમ આવી શકે વળી ?

*કામક્રોધાદિમાં જેની લોલુપતા અપાર છે,*
*બુદ્ધિ નિર્બળ તેવામાં, તે સારે હેતુ શી રીતે !*

એવી જે સ્થિર બુદ્ધિના હોય કેવા કહો મને;
કેમ તે ઓળખાયે તે મને કહો સમજાવીને.

ત્યારે કૃષ્ણ કહે છે કે સુણજે ચિત્ત રાખી તું;
સમાધિસ્થ હશે કેવા તુજને તે હું વર્ણવું.

કામનામાત્રનો જેણે પૂરો ત્યાગ કર્યો ખરે,
સંતોષ મેળવી લે જે પોતામાંથી જ અંતરે,

એવા સૌને 'સમાધિસ્થ' નિશ્ચયે પાર્થ જાણજે;
'સ્થિરચિત્ત', 'સ્થિતપ્રજ્ઞ' કહેવાયે સમબુદ્ધિ તે.

મારામાં જે પૂરેપૂરો રહી ભક્તિપરાયણ
મારામાં ઈન્દ્રિયો રાખે, તે જાણજે સ્થિરબુદ્ધિનો.

ક્રોધાતુર થતાં અર્ધો ગાંડા જેવો બની જતો;
પોતાના ભાનનો સર્વ કાબૂ તે ખોઈ બેસતો.

ગુમાવી સ્મૃતિ પોતાની એવો સ્વચ્છંદ વર્તતાં.
બકે છે આમ ને તેમ બુદ્ધિનાશ થઈ જતાં.

થતાં જ્યાં બુદ્ધિનો નાશ સર્વસ્વ નાશ થાય છે;
મળેલો જન્મ આ મોંઘો એનો એળે જ જાય છે.

પ્રસન્નચિત્ત એવાનાં ભાગે છે દુઃખમાત્ર ને,
પછી એવો કહેવાયે મનુષ્ય સ્થિરબુદ્ધિનો.

કિંતુ ના સ્થિરબુદ્ધિ જે, એને શી શુભ ભાવના ?
જેને ના ભાવના ઊર્ધ્વ શાંતિ ક્યાં થકી એહમાં ?

અજ્ઞાનીને દીસે 'ચોખ્ખું' તે ભાસે સ્થિરબુદ્ધિને
યોગી જે છે, સમાધિસ્થ, 'મેલું' જુએ અવશ્ય તે.

તું જેવો સમજુ, ડાહ્યો છોડે જો નિજ કર્મને,
તેમ વર્તી પછી લોકો, બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે.

કર્તવ્યપાલને પાર્થ ! બુદ્ધિનો ભેદ કોઈને
રખે કરાવતો ! જોજે, સદ્‌વિવેક તું ખોઈને.

રાગદ્વેષથી બુદ્ધિમાં ભ્રમ કેવો થઈ જતો !
એવાને સમજાવાનો નથી કોઈ રીતે કશો.

એની બુદ્ધિતણાં ચશ્માં શાં બદલાઈ જાય છે,
ઊંધાને પછી સાચું તે માની લેતો જ હોય છે.

*પૂર્વગ્રહો બધાથીયે શંકા, સંશય સર્વથી*
*તર્ક, વિતર્કથી મુક્ત થતાં, પ્રજ્ઞા થતી મતિ.*

જીવદશાની બુદ્ધિમાં પૂર્વગ્રહો અનેક છે,
કામક્રોધાદિ વૃત્તિમાં પરોવાયેલ બુદ્ધિ તે.

સંશય, તર્ક, વિતર્કે, શંકા, દલીલબાજીથી
આવરાયેલ જે બુદ્ધિ તેમાં ભાવ ઠરે નહિ.

ભક્તિના રંગથી જ્યારે બુદ્ધિ રંગાઈ જાય છે,
ભક્તિરંગ પ્રવેશાતાં સંપૂર્ણ બુદ્ધિને વિષે

પળેપળ હરિભાવ જેમાં સંપૂર્ણ નીતરે
ત્યારે બુદ્ધિ થતી પ્રજ્ઞા, પ્રજ્ઞા શી આત્મ ઓળખે !

*બુદ્ધિમાં ભક્તિનો રંગ જ્યાં સુધી ચઢેલ ના,*
*ત્યાં સુધી તો રહે શંકા, તર્ક, દલીલ બુદ્ધિમાં.*

*મતાગ્રહો, મડાગાંઠો, શી વિવિધ સમજણો !*
*એવું તો બુદ્ધિમાંનું સૌ ટળે ના એની મેળ તો.*

*બુદ્ધિ જે સાવ કોરી છે, जीवदशानी ભૂમિકા-*
*કેરી જે બુદ્ધિ છે, તેમાં શ્રદ્ધા સંપૂર્ણ ના કદા.*

*શંકા, સંશયવાળી જે બુદ્ધિથી સાધનાતણું*
*કર્મ યોગપણે સારું સધાઈ ના શકાતું છે.*

*કિંતુ જે બુદ્ધિમાંની છે શંકા, સંશયવૃત્તિ જે,*
*સત્ય અન્વેષણાર્થે તે કેવાં મહત્ત્વનાં ખરે !*

*કુદરતે તે મૂકેલા છે, શાં સહેતુક જીવને !*
*તેની મદદથી શોધી શકાય, તત્ત્વ જીવને.*

હૈયે જોડાઈ મારામાં એવા ભાવે ભજે મને
બુદ્ધિયોગ દઉં એને, તેથી તે પામતા મને

*ત્યારે હરિ શું પોતાનો જ્ઞાનયોગ છતો કરે*
*બુદ્ધિને કેવી પ્રજ્ઞામાં દેતો ફેરવી જીવને !*

*ભક્તને બુદ્ધિનો યોગ કૃપાથી હરિ બક્ષતો,*
*જ્ઞાનદીપે ફિટાડે તે અજ્ઞાન-અંધકાર સૌ.*

*દેવ દાનવની બુદ્ધિ જાણી શકે ન આપને,*
*આપ જ આપને માત્ર સમર્થ જાણવા હૃદે.*

## ૬૩. ઈશ્વરપરાયણ બુદ્ધિ

**(અનુષ્ટુપ)**

ભાવના એવી રાખીને ઈશ્વરપરાયણ બુદ્ધિથી
યજ્ઞાદિ જે કરે, થાય શ્રદ્ધા સાત્ત્વિક તેહની.

જાણતાં કે અજાણ્યે ઈશ્વરાર્પણ બુદ્ધિથી
શિષ્ટાચાર થકી ભિન્ન કદી કાર્ય કરે કંઈ

છતાં એને ન લાગે છે, દોષ સૂહેજેય અર્જુન !
સર્વસ્વ કેમ કે અર્પે, મને તે તેનું નિત્ય જ.

વિના અર્પણ બુદ્ધિથી ક્રિયા જે કંઈ થાય છે,
શ્રદ્ધા વિનાની તે સર્વ, અસત તે પાર્થ ભાવજે.

યોગ્ય ભેદ કરી જાણે બુદ્ધિ સાત્ત્વિક, જાણ તે;
સદા લેતો રહેજે તું આશ્રય એવી બુદ્ધિનો.

રાજસી બુદ્ધિ એ ભેદ કરવા જાય તે છતાં
ઊલટું કે ઘણા ભાગે ખોટો ભેદ કરે જ ત્યાં.

ઊલટું જે બધું દેખે તામસી બુદ્ધિ એવી જે,
અંધકારે છવાયેલી માને ધર્મ અધર્મને.

વિવેકબુદ્ધિથી તારી એનો ભેદ તપાસી તે
ચાલજે, શ્રેય ને પ્રેય જેમાં તારાં વસી રહે.

શંકા, સંશય, કુશંકા, દલીલ, તર્કવિતર્ક
બુદ્ધિના ગુણધર્મો જે પ્રાકૃતિક ગણાય છે.

('જીવનગીતા' આ.૭, પૃ.૨,૪,૧૮,૨૪,૨૫,૩૬,૩૮,૪૨,૪૩,૪૪,
૪૬,૫૧,૫૨,૫૪,૫૬,૭૭,૮૧, ૧૪૪,૧૫૭,૧૬૪,૨૦૩,૨૦૬,
૨૮૦,૨૮૯,૨૯૭)

કેટલીક ઘટના એવી બને છે કે જે બુદ્ધિમાં ઊતરી નથી શકતી, કારણ કે તે ભાવને યોગ્ય બુદ્ધિનું વાસ્તવિકપણું પ્રગટેલું હોતું નથી.

('જીવનપ્રવેશ' આ.૧, પૃ.૧૪૩)

પ્રત્યેક જીવનની ઘટનાને એના સ્થૂળપણાથી વિચારવાનું આપણે મૂકી દેવું પડશે, ને તેમ કરવા જતાં ભલે પછી આપણને બુદ્ધિપ્રધાન જીવો મશ્કરીમાં ઉરાડે કે એ તો માત્ર કલ્પના જ કહેવાય કે ખાલી તરંગ જ કહેવાય એમ કહે. એવી બુદ્ધિગમ્ય કલ્પનાના સેવનથી પણ જીવન ભાવનાપ્રધાન બનતું જતું હોય છે. ગમે તે કારણે માત્ર પડી રહેવાનું ભલે બન્યું હોય પણ જ્યાં લગી બુદ્ધિ છે, ત્યાં લગી એનો જ્ઞાનભક્તિયોગભાવે એ માર્ગમાં એના જીવતા ઉપયોગનો ખ્યાલ ઉપજાવી ઉપજાવીને કર્યા કરવાનું જ આપણે રાખવું પડશે. વિચાર એ બુદ્ધિગમ્ય ને ભક્તિ એ ભાવનાગમ્ય છે. તમારામાં બુદ્ધિનું જોશ પણ છે ને ભાવના પણ છે.

('જીવનપ્રવેશ' આ.૧, પૃ.૧૫૪)

ખાલી કોરી કોરી બુદ્ધિથી, માનવીજીવનનો હેતુ ને ધ્યેય એ બધું આપણે સમજીએ છીએ એવું બોલીએ છીએ ખરાં, પણ હજી તો પૂરેપૂરું ગળે હૃદયમાં તે ઊતરેલું નથી. એટલે તે ધ્યેય ગમે એ એક વાત છે, ને તેમાં પગરણ દઢાત્મકપણે મંડાયાં કરવાનું થયા જાય તે વાત જુદી છે. એ ધ્યેય બુદ્ધિથી યોગ્ય લાગ્યા કરે છે, એને નિશ્ચયાત્મક વલણમાં વાળવા માનવી જીવે વળી વળીને સતત એકધારો, ભાવનાપૂર્વક, મનનચિંતનાત્મક હૃદયપૂર્વકનો પ્રયાસ કરવો જ પડશે. તે વિના બુદ્ધિથી સમજાયેલું ધ્યેય વર્તનાત્મક સ્વરૂપ પકડી શકવાનું નથી.

('જીવનપ્રવેશ' આ.૧, પૃ.૧૫૮)

આધ્યાત્મિક જીવનની possibilities શક્યતાઓને એની realities વાસ્તવિકતા એ કેવળ બુદ્ધિની સાઠમારીથી સમજી શકાય તેમ નથી. કદાચ કોઈ એમાં ખૂંપેલો માનવી બુદ્ધિની મદદ વડે એનું વર્ણન કરી શકે ખરો, કિંતુ આંતરવિકાસને સૂક્ષ્મ ભૂમિકાઓનું તલસ્પર્શી ભાનવાળું જ્ઞાન જ્યાં સુધી અંતરમાં અંતરથી થતું નથી, ત્યાં સુધી માનવી જીવ અટવાયા જ કરવાનો.

('જીવનપ્રવેશ' આ.૧, પૃ.૨૧૨)

## ૬૪. માત્ર બુદ્ધિની ચળ

આપણા ભણેલા ને સુધરેલા કહેવાતા ને ગણાતા ભદ્રલોકને માત્ર ખાલી બુદ્ધિની ચળ (ખંજવાળ) જરાતરા હોય છે. એનાથી ઊંડું ઊતરવાની એમને પડી પણ નથી હોતી. જ્યાં સુધી માનવીને કંઈ પણ કશાની ખરેખરી ગરજ કે ધગધગતી ભૂખ પ્રગટતી નથી ત્યાં સુધી તે વિષયના ભીતર (હાર્દ)માં આપણું મન કદી પણ

પ્રવેશી શકતું નથી. તમારી બાબતમાં મને એટલી હકીકત એ ગમે છે કે સદ્‌ભાવનાયુક્ત જીવાત્માનો સંપર્ક તમને ગમે છે ખરો, પણ તેમાં હજી પ્રેમભક્તિપૂર્વક બુદ્ધિને ઠેકાણે પાડી શક્યા નથી. **બુદ્ધિ જેમ મદદકર્તા છે, તેમ તે નુકસાનકર્તા પણ છે, તે જાણશોજી.**

('જીવનપ્રવેશ' આ.૧, પૃ.૨૨૨)

બુદ્ધિથી સારું સમજીએ ને તેવું પ્રેમવાળું તેવી ભાવનાવાળું જ્યાં સુધી વર્તાય નહિ, ત્યાં સુધી પેલી બુદ્ધિની સમજ એ વાંઝિયા જેવી ગણાય. જેમ વાંઝણી સ્ત્રીને કદી છોકરું થઈ શકવાનું નથી તેમ બુદ્ધિથી કે ભાવનાથી સારું માની લીધું હોય અને તે પ્રમાણે આપણે વર્તી ન શકીએ તો આપણે પોતે વાંઝણી સ્ત્રીના જેવાં ગણાઈએ.

('ધનનો યોગ' આ.૨, પૃ.૩૩)

ભાવનાને માત્ર બુદ્ધિની સમજણથી આપણે નહિ માપી શકીએ. અથવા તેનો તાદૃશ્ય ચિતાર કે અનુભવ આપણને બુદ્ધિથી નહિ પ્રગટી શકે. ભાવના એ બુદ્ધિના પ્રદેશની હકીકત નથી. એ તો હૃદયનો પ્રદેશ છે.

હૃદયની કોઈ ઓર પ્રકારની આગવી સમજણ પણ છે. એની એવી સમજણની સાથે બુદ્ધિની સમજણને કશી લેવાદેવા હોતી નથી. કેટલીક વાર તો એવું પણ અનુભવાયું છે કે હૈયાની તેવી આગવી પ્રગટેલી સમજણની સાથે બુદ્ધિ તો છેતરપિંડી પણ કરવા બેસી જાય છે, પરંતુ હૈયાની સમજણ તેને મચક આપી શકતી નથી. એકવાર આપણે બુદ્ધિથી જીવનધ્યેય પરત્વેનો આપણો કેવા પ્રકારનો અભ્યાસ હોવો ઘટે તેનો બધી બાજુથી વિચાર કરી લઈએ અને આપણા સ્વભાવ અનુસાર જે અભ્યાસ

પરત્વેની અભિરુચિ પ્રગટે તેવા અભ્યાસને સતત એકધારાં વળગેલાં રહ્યા કરીએ.

('ધનનો યોગ' આ.૨, પૃ.૫૯)

ભાવના એમ તો બુદ્ધિને પણ સ્પર્શી શકે. ભાવના પ્રગટતાં અને પ્રભુકૃપાથી તેમાં સાતત્ય જાગતાં બુદ્ધિમાં તેનો પ્રકાશ પ્રસરે છે. તેથી બુદ્ધિની અનેક પ્રકારની મડાગાંઠો ને પૂર્વગ્રહો મોળાં પડે છે, અને તેથી બુદ્ધિનું સંકુલપણું હઠે છે. તે કારણે બુદ્ધિ જીવન-વ્યવહારના ક્ષેત્રમાં પણ યોગ્ય ઉકેલ કાઢવા માટે વિશેષ લાયકાતવાળી પ્રગટે છે. ભાવના જેમ જેમ ઊર્ધ્વગામી અને પ્રભુ પ્રત્યે અભિમુખતાવાળી પ્રગટે તેમ તેમ ભાવના **પ્રાણ**ના ક્ષેત્રમાંથી બુદ્ધિને આલોકિત કરીને મનને પણ સ્પર્શ્યા વિના રહેતી નથી.

('ધનનો યોગ' આ.૨, પૃ.૯૪)

શાંતિ, પ્રસન્નતા કાયમ જીવંત હોય તો બુદ્ધિ સરળતાવાળી રહે છે અને તે યોગ્ય ઉકેલ શોધી આપી શકે છે.

દુઃખ, ક્લેશ, સંતાપ, અથડામણ, સંઘર્ષણ, મૂંઝવણ વગેરેમાં પડી જવાથી તો બુદ્ધિ મલિનતાને પામે છે અને તેનો ઉકેલ તે જલદી કરી શકતી નથી.

('ધનનો યોગ' આ.૨, પૃ.૯૬)

**આપણે સૌથી પ્રથમ તો બુદ્ધિથી વિચારી વિચારીને શરીરથી નોખા છીએ એમ સમજવું અને પ્રમાણવું. બાકી, મૃત્યુનો ડર ના હોય. મૃત્યુનો ડર તો બુદ્ધિની સમજણ પ્રેરાવી પ્રેરાવીને પણ ઓછો કરી શકાય છે, મોળો પાડી શકાય છે.**

('ધનનો યોગ' આ.૨, પૃ.૯૭)

॥ હરિઃૐ ॥

હેતુની સભાનતા ત્યારે જ રહે જો બુદ્ધિ સંકળાયેલી હોય. જો બુદ્ધિ એની સાથે સંકળાયેલી ના હોય તો હેતુની સભાનતા રહી જ ન શકે. એટલે બુદ્ધિ સંકળાયેલી હોય અને બુદ્ધિની સાથે પ્રાણ સંકળાયેલો છે અને પ્રાણ જોડાયેલો હોવાથી, બુદ્ધિ પણ જોડાયેલી હોવાથી તેની સાથે અહમ્ જોડાયેલો છે, કારણ કે તે ગતિ કરાવે છે. મન પણ સાથે રહે છે અને મનના સંકલ્પ-વિકલ્પ ત્યાં ઘટે છે. એકાગ્રતામાં મનના સંકલ્પ-વિકલ્પ પણ ઘટે છે. એકાગ્રતા થઈ એટલે મનાદિકરણ એટલો સમય શાંત રહ્યા, એ આપણી બુદ્ધિ સ્વીકારી શકે એવી હકીકત છે.

('જન્મ-પુનર્જન્મ' આ.૨, પૃ.૩૬-૩૭)

બે વર્લ્ડ વૉર થઈ. લાખો લોકો ગુજરી ગયાં ને એકસામટાં ગુજરી ગયાં તો એકસામટાં જન્મે. બુદ્ધિથી આમેય ઠોકાય ને આમેય, પણ એ સાચી વાત નથી. આ તો હું કહું છું. આ તો કોઈ અમને અલેલટપ્પુ સવાલ  પૂછે ને કોઈ અલેલટપ્પુ જવાબ આપે. એવું કંઈ અક્કલવાળાની અંદર આપણી આ પ્રકારની બુદ્ધિની અંદર નથી. મેઈન (મુખ્ય) વાત એ છે કે ત્યાં જે બુદ્ધિ છે એ જુદા પ્રકારની છે. ત્યાં કઈ રીતે વર્કિંગ ચાલે છે, એનું હાલની બુદ્ધિથી તમે એની સાથે કોઈ જસ્ટીફાય સમાધાન કે ક્લેરીફિકેશન (ચોખવટ) નહિ કરી શકો. એ ભૂમિકામાં જાઓ ત્યારે તમને સમજણ પડે.

('જન્મ-પુનર્જન્મ' આ.૨, પૃ.૫૯)

આ આધ્યાત્મિક વિજ્ઞાનનું વિજ્ઞાન છે. એકીપળે અનેક નિમિત્ત છે તો એકેએક નિમિત્તમાં એ હાજર છે. આપણી બુદ્ધિથી વિચારીએ તો સમજાય ખરું કે આકાશતત્ત્વ એનામાં વિકસેલું છે અને આકાશતત્ત્વ એનામાં જામ્યું છે અને તેના લીધે એ ત્યાં જઈ શક્યો.

('જન્મ-પુનર્જન્મ' આ.૨, પૃ.૬૮)

એ તો આપણને કલ્પનાય ના આવે, આપણી બુદ્ધિમાંય ઊતરી ના શકે કે એક જીવ છે, તે અનેક પ્રકારના અનુભવ લેવાની એની tendency (વૃત્તિ) હોય છે.

('જન્મ-પુનર્જન્મ' આ.૨, પૃ.૭૭)

બુદ્ધિવાળા માણસે આ વિચાર કરવો જોઈએ કે સાલું આપણે આ શરીરની પ્રકૃતિમાં જ રચ્યાંપચ્યાં રહેવું છે કે આ શરીરની ઇન્દ્રિયોને, શરીરનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિને પ્રેરણા આપી જે ગતિમાં લાવી શકે એવું જે કોઈ તત્ત્વ inner આપણા પોતાની અંદર વસેલું છે તેવા તત્ત્વને જ મહત્ત્વ આપવું કે ?

('જન્મ-પુનર્જન્મ' આ.૨, પૃ.૭૯)

પૂર્ણ કરવાથી તમારી સદ્ભાવના જાગે છે. તમારી બુદ્ધિનો વિકાસ થઈને બુદ્ધિ સન્માર્ગે પ્રેરાય છે. હું નોનએન્ટીટી છું. (કશું જ નથી) આ એનું જ છે. બધું એને જ માટે વાપરું છું, એવું આપણે બુદ્ધિથી ઠઠારી દો.

('જન્મ-પુનર્જન્મ' આ.૨, પૃ.૮૦)

એકદમ અંદરનો એવો અનુભવ આપણને છે નહિ, એટલે બુદ્ધિથી વિચારતાં વિચારતાં આવશે. પછી ભાવનાથી કરો અને એમાં અહમ્‌ની સેન્સ (વૃત્તિ) સમજપૂર્વક ના આવવા દો. પહેલાં તો અહમ્ ડોકિયું ન કરે એમ બુદ્ધિથી આપણે સમજવું પડે.

આત્માને આત્માનું ભાન કેવી રીતે થવાનું ? હજી તો અંદર ભેરવાઈ પડેલો છે. એટલે પહેલાં તેનાથી નોખા પડો. એનાથી તટસ્થ રહેવા શીખીએ. રોજબરોજના વર્તનવહેવારમાં બુદ્ધિથી આ પ્રમાણે આપણે વર્તતાં થઈએ તો બની શકે એવું છે.

('જન્મ-પુનર્જન્મ' આ.૨, પૃ.૮૧)

જ્યારે માનવીનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌માં એ જે ચેતના આવી રહેલી છે, અવતરણ કરી રહેલી છે. આપણી પૃથ્વી પર એને ઝીલવાને, સ્વીકારવાને એવું પ્રેમભક્તિવાળું માનસ અને બુદ્ધિ હજુ પ્રગટ્યાં નથી.

('જન્મ-પુનર્જન્મ' આ.૨, પૃ.૮૬)

વાંચીએ ત્યારે મનને એનો સંબંધ થાય છે, ત્યારે એ મદદ કરે છે. એટલે બુદ્ધિ મદદમાં આવે છે અને બુદ્ધિથી આપણને સમજણ પડે છે. એ વિજ્ઞાનની વાત.

ઈશ્વર તો છે જ. એ વાત ચોક્કસ. એમાં કોઈ બુદ્ધિની કે કંઈ કશાની વાત નથી. એ તો ખરેખર એક ralistic (વાસ્તવિક) હકીકત છે. આ મનમાં ભગવાન છે. તે પણ બહુ બહુ તો બુદ્ધિથી માનીએ.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૧૨)

ચેતન આપણી બુદ્ધિની પકડમાં આવી શકતું નથી. એટલે એની સાથે સાંકળ જોડવાને માટે આપણી પાસે કંઈ સાધન જોઈએ.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૧૩)

કર્મ કરતાં કરતાં મુશ્કેલી આવી તો તે મુશ્કેલી આવી તેના નિવારણમાં બુદ્ધિનો ઉપાય લઈએ.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૧૬)

એના કરતાં અભ્યાસ એ સાચામાં સાચું સાધન છે. એમાં કોઈ વાંધો આવે નહિ. આપણી બુદ્ધિ સ્વીકારી શકે એવું છે.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૨૪)

કારણ કે મારી પોતાની એવી માન્યતા કે આધ્યાત્મિક માર્ગે જનાર માણસની બુદ્ધિ ખીલતી હોય છે. એની બુદ્ધિ જડ નથી હોતી અને બુદ્ધિ ખીલે તો વિવેક પણ ખીલે.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૫૭)

મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ જે કંઈ આ પાંચ તત્ત્વ ઉપર જે કંઈ બીજું મળેલું છે, તે બધું ભગવાનનું જ મળેલું છે. ભગવાનનું જ છે. બીજા કોઈનું નથી. બધાં કહેશે આ તો અમારું છે. મેં કહ્યું મારી બુદ્ધિ તારી હોત, તું તારી બુદ્ધિના કહ્યા પ્રમાણે કરતો હોત, તો તું ધાર્યું કેમ નથી કરી શકતો ભાઈ ? તું તારું ધાર્યું કરને ! ધાર્યું પૂરેપૂરું થતું નથી. તો હું જાણું કે તારી બુદ્ધિ એ બરોબર.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૭૯)

આવા લોકોના કિસ્સામાં આ બધું બુદ્ધિથી કે દલીલથી કશાથી આપણે યથાયોગ્ય ઠેરવી શકીએ એવી સ્થિતિમાં નથી. આ છે જ અને આવી રીતે છે, એમ કહી શકીએ નહિ. બધા વિદ્વાનોએ પ્રયત્ન કર્યો છે કે બુદ્ધિથી આ યોગ્ય છે એમ ઠેરવી શકાય છે, પણ મારા ગળે એમની વાત ઊતરતી નથી. તમારે કહેવું હોય તો કહો કે આમ ફૅક્ટ (ખરેખર) છે, પણ માનવું ના માનવું દરેકની મુનસફીની વાત છે, પણ એ ખરેખર ફૅક્ટ છે જ એવી દલીલો કરે છે, અને એ લોકોએ બુદ્ધિથી દલીલો શોધી છે. મારે ગળે એ ઊતરી નથી.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૮૫-૮૬)

ઘણી વાતો એવી હોય છે કે આપણી બુદ્ધિમાં બેસે નહિ તેમ છતાં બનતી હોય છે. ભગવાનની બાબત છોડી દો. આ સંસારવ્યવહારની બાબતમાં પણ આવું ક્યારેક બને છે—બુદ્ધિમાં ઊતરી ન શકે.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૯૦)

તમે તમારા માનસમાં—બુદ્ધિમાં બરાબર તપાસો કે કેટલીવાર આપણે કર્મ કરતાં હોઈએ, ત્યારે કંઈના કંઈ વિચારો કરતાં હોઈએ છીએ કે જે કર્મ અંગેના હોતા નથી.

કર્મને અને આપણા વિચારોને બુદ્ધિથી આપણે વિખૂટાં પાડીએ—વિચારી શકીએ.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૧૨૧)

‘હું શાસ્ત્ર ભણ્યો નથી ભાઈ. મને તો મારી બુદ્ધિને યોગ્ય લાગે ને મારી બુદ્ધિ સ્વીકારે એ રીતથી વાત કરું છું.’ પછી એ સામાવાળો એમ દલીલ કરે, ભાઈ તમે કહો છો કે દેખીતી રીતે જે કર્મ ખરાબ કે ખોટું છે, જે દેખાય છે ને આપણી બુદ્ધિ કબૂલ કરે કે આ સાલું ખોટું છે, અને આ સારું છે—કર્મ—એવાં કર્મ આપણે કરતાં હોઈએ, ત્યારે બુદ્ધિમાં એક વિવેકશક્તિ આવેલી છે—બુદ્ધિનો એક ભાગ છે—જે આ બધું નક્કી કરે છે.’

(‘તદ્રૂપ-સર્વરૂપ’ આ.૧, પૃ.૧૨૩)

આપણા જીવનમાં પ્રાણ ‘પ્રીડોમીનન્ટ’ (મુખ્ય જાગ્રત) છે અને બુદ્ધિ પછી એને વિચાર્યા કરે છે. એને ચલાવવાના રસ્તા બતાવે છે. કોઈ વખત એ તુલના કરે છે. ‘આ આમ થશે. આ બગડશે.’ એમ બુદ્ધિ કહે છે ખરી પણ સામાન્ય રીતે બુદ્ધિ પ્રાણ સાથે ભળી ગયેલી હોય છે.

(‘તદ્રૂપ-સર્વરૂપ’ આ.૧, પૃ.૧૩૮)

સાવ ભોટ હોઉં—બુદ્ધિ જ ના હોય તેવો બધાંને લાગું, કારણ કે હું મારી બુદ્ધિનું કોઈ દિવસ પ્રકાશન થવા જ ના દઉં. કોઈ કાળે નહિ.

(‘તદ્રૂપ-સર્વરૂપ’ આ.૧, પૃ.૧૪૦)

એ એવાં કર્મ કરે જે સામાન્ય માણસની શક્તિ બહારનાં હોય, એટલે પેલો તો અંદર જે આવો તાદાત્મ્યવાળો થયો છે, તેનામાં બુઠ્ઠાપણું નથી. તેની બુદ્ધિ કંઈ વાણિયાના ઘેર વેચાતી નથી મૂકી આવ્યો હોતો. એટલે એની બુદ્ધિ ઊંચી જાતની હોય છે. એટલે એ સાક્ષી છે.

(‘તદ્રૂપ-સર્વરૂપ’ આ.૧, પૃ.૧૪૫)

ત્યારે તાદાત્મ્ય ગુણ એકલો નથી જઈ શકતો, કારણ કે તાદાત્મ્ય જાય તો પેલો એક થઈ જાય. એક થઈ જાય છે પણ એના ગુણધર્મને જાણવાને માટે બુદ્ધિ જોઈએ છે. માટે એની જોડે બુદ્ધિ હોય છે. કારણ કે સાક્ષીભાવની સાથે બુદ્ધિ સંકળાયેલી છે. બુદ્ધિ ત્યાં જાય, એટલે બુદ્ધિને લીધે બધું જાણે છે. તાદાત્મ્ય સાથે એક થઈ જાય, એટલે જે જાણવાનું છે, તે બુદ્ધિ જાણે છે. એ કામ એવું કે બહાર નીકળે, એટલે એના બધા ગુણધર્મો બુદ્ધિ વર્ણવે છે.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૧૪૮-૪૯)

કોઈ કર્મ આવ્યું તો કેવા પ્રકારના ગુણનો વપરાશ જોઈશે, તે આપણી બુદ્ધિ જાણે છે. કર્મ અને ગુણ બન્ને એ જાણે. જ્યાં સુધી આપણામાં જીવ છે, ત્યાં સુધી કર્મ અને ગુણ અથવા એનું ક્ષેત્ર—એ કોઈ પણ નિર્જીવ નથી. બધા સજીવ છે. આપણી બુદ્ધિ પણ સજીવ છે.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૧૫૫)

આપણે ના કહીએ, તોપણ બુદ્ધિને તો માનવી જ પડશે. તો બુદ્ધિ સજીવ છે. આપણને અનેક ઉત્તરો આપે છે. આપણે જાણીએ છીએ કે અનેક તુક્કા સૂઝે છે—એના ઉકેલ આપે છે. બુદ્ધિ પ્રેરણા આપે છે. એ બધું કામ બુદ્ધિનું છે. બુદ્ધિ આપણા ક્ષેત્રમાં વિકાસ કરાવે છે. સમજણ આપે છે. કામનો ઉકેલ કરાવી આપે છે.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૧૫૬-૫૭)

તાટસ્થ્યમાં તટસ્થ રહેવું, એટલે ડખલ નહિ કરવી, મદદ પણ નહિ કરવાની. તટસ્થતાનો ગુણધર્મ આપણને બુદ્ધિથી

સમજાવે કે, 'આમાં ભેળવાઈ ગયા, આ બરાબર ના કર્યું. આ ખોટું કર્યું. આ અજુગતું કર્યું. આ વધારે પડતું થઈ ગયું એવું બધું સમજાવે ખરું.' તાટસ્થ્યનો ગુણધર્મ એ બધું બરોબર સમજાવે. આપણી બુદ્ધિ સ્વીકારે.

('તદ્રૂપ-સર્વરૂપ' આ.૧, પૃ.૧૬૨)

ખરી રીતે તો સચ્ચિદાનંદની ઉચ્ચમાં ઉચ્ચ ભૂમિકા પર રહેલો 'એ' 'તું' જ છે. 'એમાં જ હું આશ્રય લેનારો છું'—આવું બુદ્ધિથી આપણે ગમે તેટલું બોલીએ પણ જે પકડ આવી જવી જોઈએ, એ નથી આવતી.

('અગ્રતા-એકાગ્રતા' આ.૧, પૃ.૫૭-૫૮)

બીજાનામાં આપણું લક્ષ બિલકુલ ન જાય એવું બુદ્ધિથી સમજીએ એટલું નહિ પણ પૂરેપૂરું કન્વીક્શન (સમજણ) આવી જાય, ત્યાર પછી એ બાબતનું લક્ષ આપણું ગૌણ બની જાય.

('અગ્રતા-એકાગ્રતા' આ.૧, પૃ.૬૩)

જેમ આ સૂર્ય ઊગે ને પ્રકાશ આપમેળે થાય છે, એનો અનુભવ આપણને આપમેળે થાય છે, તેમ નથી. રિયાલીટી (સત) આપણા રોજબરોજના વ્યવહારમાં પ્રગટ થાય, ત્યારે આપણી બુદ્ધિનો પ્રકાર બદલાઈ જાય. એટલે બુદ્ધિને ઝાઝું વિચારવું ન પડે. એને તર્ક-દલીલ વગેરે કરવાં ન પડે. આપમેળે બધું સૂઝી જાય. એને બહુ વિચાર કરવાપણું ન રહે. આમ બધું થાય, ત્યારે સમજવું કે રિયાલીટી હવે આપણામાં પ્રકાશવા માંડી છે.

('અગ્રતા-એકાગ્રતા' આ.૧, પૃ.૯૫)

મનન-ચિંતવન એ બુદ્ધિનો વિષય.

('અગ્રતા-એકાગ્રતા' આ.૧, પૃ.૧૦૬)

એવા લોકોનું વચન આપણે માનીએ તો આપણા લાભનું હોય છે, પણ કેટલીક વખત મતિથી કબૂલ નથી થતું હોતું. બુદ્ધિથી ભક્તિપૂર્વક તેનું પાલન કરે તો ઘણો ફાયદો થાય. દુન્યવી લાભ થાય.

('જોડાજોડ' આ.૧, પૃ.૨)

એ પ્રેરણાને જો પ્રેરણા તરીકે સ્વીકારો નહિ તો ત્યાં આપણું પતન છે. એ વખતે પ્રેરણા એ જ આપણી મા છે તે સાચી છે એમ આપણી બુદ્ધિ સ્વીકારી શકતી નથી.

('જોડાજોડ' આ.૧, પૃ.૧૦)

બીજી ખૂબી એ કે ગમે તેવો બુદ્ધિનો 'ઢ' હોય—બધાંની કંઈ સરખી બુદ્ધિ નથી હોતી. બુદ્ધિ જરાક ન હોય તેવા પણ માણસ હોય છે. એવો માણસ પણ જો પ્રસન્નતાથી વર્તવાનું કરે તો તેની બુદ્ધિ ખીલે છે. જ્યારે એ બુદ્ધિ ખીલે છે, ત્યારે તેના રસ્તામાં આવતા અનેક પ્રશ્નોને ઉકેલવામાં મદદરૂપ થાય છે.

બીજું, જ્યારે પ્રસન્નતા વધે, ત્યારે એમાંનું એક ફળ તટસ્થતા પ્રગટે. બુદ્ધિ પ્રગટે એની સાથે એના પ્રાણ પ્રગટે.

('જોડાજોડ' આ.૧, પૃ.૨૬-૨૭)

સુખમાં બુદ્ધિ ડોરમન્ટ (સુપ્ત) થાય. કેમ કે ચલાવવી ન પડે.

('જોડાજોડ' આ.૧, પૃ.૬૪)

## ૬૫. બુદ્ધિ

(અનુષ્ટુપ)

આપણા ચિત્ત-સંસ્કારો બુદ્ધિ કર્માનુસારિણી
ભજવે ભાગ હેતુને ફંટાવવા ઘડી ઘડી

પૂર્વગ્રહો રહેલા છે સંસ્કાર-બુદ્ધિમાં ઘણા,
એનાથી જે જણાયેલું, હોવા છતાં સત્ય સંભવે.

એવું જે સત્ય-મિશ્રિત જણાયે, એથી જીવને,
ઘટે વાપરવા તેથી ત્યાં ઘડી-ઘડી ચેતીને.

સત્યનું અંગ એકાદું બુદ્ધિથી જાણી કો શકે,
સમગ્ર સત્ય બુદ્ધિથી શકે જાણી ન કોઈએ.

બુદ્ધિનું સમજેલું જે તે તો ઉપર ચોટિયું,
કશા પ્રાણ નથી એમાં જેથી આગળ કૈં ધપો.

તર્ક-વિતર્ક કે ચર્ચા શાસ્ત્રાની સૌ પરંપરા,
એકલી બુદ્ધિના શુષ્ક સાધને તે મપાય ના.

કિંતુ નિરુપયોગી ના એવુંયે બુદ્ધિનું કશું,
બુદ્ધિયે ના નકામી, જો એને પાંસરી રાખશું.

જિજ્ઞાસુ ભક્તિનો આધાર બુદ્ધિ પર રહેલો હશે, ભાવ પર કે શક્તિ પર ?

**શ્રીમોટા :** બુદ્ધિ નહિ, ભાવ પર, જ્યાં ભાવ છે, ત્યાં ગજાની વાત નથી ને જ્યાં ગજાની વાત કરે છે ત્યાં ભાવ હોતો નથી. જ્યારે ભાવ જાગે છે, ત્યારે તેનો બદલો કોઈ ને કોઈ

રીતથી મળી જાય છે એ જાણજો. ભક્તિ એ હૃદયનું કાર્યક્ષેત્ર છે, બુદ્ધિનું નહિ.

('શ્રીમોટા સાથે વાર્તાલાપ' આ.૭, પૃ.૭૯)

પૂરું સંસારી શાં નિજને કદી પરખી ન શકતાં છે !
છતાં કેવાં અવરને તે પરખવા બુદ્ધિ ચલવે છે !

('જીવનકેડી' આ.૨, પૃ.૪૦)

ઊંડું અંતર છુપાયેલું વળી જે સૂક્ષ્મથી પણ છે,
—અતિ સૂક્ષ્મ, ગહન કેવું ! ન બુદ્ધિથી જ સમજાયે.

('જીવનકેડી' આ.૧, પૃ.૨૧૦)

પરંતુ માર્ગમાં જેમ થવાતાં પૂર્ણ કેન્દ્રિત,
થઈ બુદ્ધિનું રૂપાંતર નવી બુદ્ધિ* ઊગેલી છે.

નવી તે બુદ્ધિથી કેવો નૂતન ઉકેલ મળતો છે !
અજાણ્યું બુદ્ધિથી તેવી જીવનમાં ક્યાંય કંઈ ના છે.

('જીવનકેડી' આ.૨, પૃ.૨૯૧)

પક્વ શ્રદ્ધાની બુદ્ધિની જે છે વિચાર-પદ્ધતિ,
ઊગે ઓચિંતું, જેમાં ના તર્કપરંપરા તહીં.

બુદ્ધિથી સમજાયેલી પૂર્ણ ધ્યેય પરત્વેની,
-તે યોગ્ય દૃષ્ટિ શી કામે આવે ઊગી જરૂરથી !

શ્રદ્ધાનું પારખું લેવું તાકાત બુદ્ધિની ન છે,
સહારો પ્રાર્થનાનો છે, તેને બુદ્ધિ જગાડશે.

---

* નવી બુદ્ધિ = પ્રજ્ઞા

શ્રદ્ધાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે જે પ્રકારની,
ગમે તેવી તપશ્ચર્યા થકી તેવી થતી નથી.

શ્રદ્ધામાંથી જ બુદ્ધિ શી પોતે અનેક રીતથી
-પૂર્વગ્રહો, મડાગાંઠો થકી મુક્ત થતી જતી.

ધ્યેય વિકાસમાં શ્રદ્ધા જોતરાવી જ બુદ્ધિને,
શ્રદ્ધાનું માપ હૈયાથી કેળવાતું રહે પથે.

શ્રદ્ધાનો એકધારો જ્યાં અભ્યાસ જીવને થતાં
—જીવંત, પ્રાણવંતો, ત્યાં પલટો થાય બુદ્ધિમાં.

થાય પ્લાવિત શ્રદ્ધાથી જીવદશાની બુદ્ધિયે,
તેવી બુદ્ધિ ઉગાડે છે માર્ગનું જ્ઞાન નિશ્ચયે.

ભલેને જીવ-બુદ્ધિ હો છતાંયે બુદ્ધિ તેવીયે,
પ્રેરાવે છે ઊંડી ઊંડી દૃષ્ટિ શી યોગ્ય વર્તને !

શ્રદ્ધાનું મૂલ્ય બુદ્ધિથી કેમે આંકી શકાય ના,
શ્રદ્ધા એકલી શી માત્ર આંકવા તો સમર્થ ત્યાં !

જે તે ઉકેલવા બુદ્ધિ કાબેલ પૂર્ણ જીવને,
સ્થિર બુદ્ધિ શી શ્રદ્ધાની, જ્યાં જીવની ન તેવી છે.

શ્રદ્ધાની આગવી બુદ્ધિ જીવદશા ન જેવી તે,
શ્રદ્ધાની બુદ્ધિ વિચારે પામવાને અગમ્યને.

બુદ્ધિ જે પ્રકૃતિની છે મર્યાદાયુક્ત જીવને,
શ્રદ્ધાના ભાવથી કેવી અમર્યાદ થતી પથે !

શ્રદ્ધા આધાર બુદ્ધિનો, બુદ્ધિ આરંભમાં જ તે,
સૌ કો' ધરે જ આધાર, શ્રદ્ધાની પર જીવને.

બુદ્ધિની શરૂમાં શ્રદ્ધા, શ્રદ્ધા બુદ્ધિથીયે પરે,
બુદ્ધિમાં જે ઊગી, શ્રદ્ધા જામ્યે શી બદલાય તે !

પૂર્ણ ધ્યેય પરત્વેની દૃષ્ટિ સમજદારીની-
જીવદશાની બુદ્ધિમાં જાગેલી ખપની ખરી.

('શ્રદ્ધા' આ.૨, પૃ.૭૮,૭૯,૮૧,૮૩)

(અનુષ્ટુપ)

બુદ્ધિથી જાણવું એક, શ્રદ્ધાનું જાણવું બીજું,
હૈયાનું જાણવું ત્રીજું, ત્રણે પ્રકાર ભિન્ન શું !

પ્રજ્ઞાની શક્તિનો ખ્યાલ જીવદશાની બુદ્ધિને-
-કદી ના શકતો આવી, પ્રજ્ઞાનો દેશ ઑર છે.

પરિપક્વ થતાં શ્રદ્ધા, નિષ્ઠા શ્રદ્ધા બની જતાં,
-બુદ્ધિ ત્યારે થઈ પ્રજ્ઞા, સર્વની પાર જાય ત્યાં.

આવતાં આવતાં એવા અનુભવે અનુગમે
-પ્રજ્ઞા-શક્તિ શી બુદ્ધિની કામે લાગ્યા કરે પથે.

પૂર્વગ્રહોથી શી મુક્ત સૌ સમજણથીય તે,
સૌ ગ્રંથિથીય તે મુક્ત; સત્ત્વગુણ વટાવતે

બુદ્ધિ તે થતી છે પ્રજ્ઞા, દ્વંદ્વાતીત ગુણાતીત
પ્રજ્ઞાની તે ભૂમિકા જ તરે પ્રત્યક્ષ ચેતન.

('શ્રદ્ધા' આ.૧, પૃ.૧૮૫,૧૮૭,૧૮૮)

જે સંભાળવાનું સૌ સંસારમાં ખરેખરું,
પ્રેરણાત્મક બુદ્ધિથી ચાલ્યા તે કરતું બધું.

બુદ્ધિ-કૌશલ્ય જેનું સૌ એકલું હરિમાં જ છે,
એનું જે તે બધું સર્વ એકલો શ્રીહરિ જ છે.

('ભાવપુષ્પ' આ.૧, પૃ.૧૩૬, ૧૪૭)

મૂળમાં પાંચ જે તત્ત્વ તેમાંય બુદ્ધિ, પ્રાણ લે
મુખ્યમાં મુખ્ય છે તત્ત્વ પ્રેરનારાં જ પંથયે,

પ્રાણ છે મોખરે સૌથી સજોડે બુદ્ધિ સાથ છે,
બન્નેનો ધ્યેયમાં ટેકો મળ્યાથી સુતરું પડે.

મળેલી બુદ્ધિથી જે તે જાણવા યત્ન તો કીધો,
જીવનધ્યેય પ્રિછાવા આશરો બુદ્ધિનો લીધો.

બુદ્ધિથી ધ્યેયમાં ઊંડું ઊતરવું થયેલું છે,
થતાં એકાગ્ર ધ્યેયે જ્યાં, મદદે બુદ્ધિ આવી છે.

ધ્યેયને સૌ મનાદિએ માની લીધેલ છે ગુરુ !
ધ્યેયને પહોંચવા કાજે બુદ્ધિ ત્યાં શી ટૂંકી પડે !

લાગેલી લગની ઊંડી તેજસ્વી બુદ્ધિને કરે,
ધ્યેયના માર્ગ જે સૂક્ષ્મ તેય બુદ્ધિ સુઝાડશે.

અણધારેલ આવ્યાં છે કેવાં કેવાં જ સંકટો !
તેને નિવારવા બુદ્ધિ ચાલી કેમે કરી ન તો,

બુદ્ધિ બહેર મારી છે, બુદ્ધિનું ના ગજું કશું,
કૃપા-પ્રાબલ્યથી મારું જે તે ચાલ્યા કરેલ સો.
('ભાવહર્ષા' આ.૧, પૃ.૪૯,૬૨,૭૪,૧૨૪)

એકલી માત્ર બુદ્ધિથી વિચાર્યા કરતાં છતાં,
હેતુ સંસારનો સાચો કોઈને સમજાય ના;

પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મ થતાં જે ભાવથી ઊંડા,
બુદ્ધિમાં ચમકારો શો તેનો ઊપજતો તદા !
('ભાવકણિકા' આ.૩, પૃ.૪,૮)

બહુ ત્યાં બુદ્ધિ ચલવી છે, મનન ચિંતવન થયેલું છે,
હૃદયમાં ભાવ ધગધગતો જલંતાં, સર્વ સૂઝ્યું છે.

જીવનમાં જેનું અસ્તિત્વ ભલેને તીવ્રમાં તીવ્ર
ગમે તે તેટલી બુદ્ધિ, શકે ના જાણી તે તત્ત્વ.

પરિસ્થિતિ પ્રમાણેના તકાદા ફૂટી ફૂટીને
ડહોળી બુદ્ધિ દેવાને મચેલા છે બહુ રીતે.

કદીક ભેજાનું દહીં કેવું પડે કરવું પ્રસંગોએ
જીવન પ્રગટેલ એવા છે, તહીં થંભી જવાયું શું !

કસી કસી બુદ્ધિને ત્યારે વિચારી વિચારીને
ઊંડો ઊંડો જ તલસ્પર્શી પૂરો અભ્યાસ કીધો છે.

જીવનની જાગૃતિએ તે જગાડી બુદ્ધિ દીધી છે,
અચેતન જ્યાં થતાં બુદ્ધિ, બધા ઉપાય જડતા તે.
('જીવનરંગત' આ.૨, પૃ.૧૮૧,૨૧૬,૨૮૭-૮૮-૮૯)

'ગરજને ના કશી અકક્લ' કહેવત યોગ્ય ના તે છે,
ગરજના કર્મ પ્રત્યે શી ગરજ બુદ્ધિ ચલાવે છે !

પડે શિખવાડવું ના કૈં, ખરી શી હૈયાઉકલત છે !
ગરજને આગવી બુદ્ધિ જરૂરની રીત ઊઘડે છે.

ગરજની દીર્ઘદૃષ્ટિની અગમબુદ્ધિ નિરાળી છે,
ગરજ જાગ્યે જ તે મેળે વિચારી આપ સૌ લે છે.

('જીવનસ્પંદન' આ.૨, પૃ.૯૦,૯૨,૯૪)

બધી બુદ્ધિતણો પૂરો, તને દિલ ખોળવામાં શો !
ખરો ઉપયોગ કરવાને, મને કેવો મથાવ્યો છે !

અહા ! બુદ્ધિતણી કેવી ! ભયંકર તે મડાગાંઠો,
હુકમના પ્રેમપાલનથી, ખરેખર ઓગળી ગઈ છે !

હુકમને પાળતાં બુદ્ધિતણા જે પૂર્વગ્રહ સઘળા
જતા ઓગળતા જીવનમાં, અનુભવથી જણાયા છે !

('જીવન-અનુભવ-ગીત' આ.૧, પૃ.૯૨,૧૮૭-૮૮)

કૃપાથી બુદ્ધિ વપરાઈ જીવનના ઊર્ધ્વ ક્ષેત્રે ને
થતાં ઉપયોગ ભાવેથી થતી ગઈ સૂક્ષ્મ મતિ ત્યાં તે.

સતત એ રીત ઉગમ મતિ ઉચ્ચ તે ક્ષેત્રો
થતી કેવી ગઈ, અનુભવ થયા તેવો કરેલો છે

બુદ્ધિ જો હોય કૈં સ્હેજ, એને વાપરવી પદે,
આડીતેડી કશી વાતે એને ના જોડવી ઘટે.

જીવનચારિત્ર્ય જેનું ના, બધું કથળેલ જેનું છે,
તમે તેને નવાજો છો, શું બુદ્ધિ ખોઈ નાખી છે !

('જીવનસ્મરણ' આ.૧, પૃ. ૧૫૦,૨૪૬,૨૬૮)

જિજ્ઞાસા એવી પ્રેરે છે વફાદારી શી કર્મમાં !
બુદ્ધિને ચિંત્વને જોડી પ્રેરે કર્મ પરંપરા.

બુદ્ધિ ને પ્રાણ જોડાતાં જીવન-રસમાં ખરાં,
સ્વાદ તે પડવા લાગ્યે દિલ ભળતું તદા.

મહત્ત્વ ભાવને દેતાં બુદ્ધિ ગૌણ બને તદા.
ભાવ વધારવા બુદ્ધિ શી વપરાય ત્યાં સદા !

બુદ્ધિ ને શક્તિ, ભક્તિનો સંગમ જીવને ખરો,
જિજ્ઞાસાએ રચાવીને ઘડ્યો કેવો મને પૂરો !

('જિજ્ઞાસા' આ.૨, પૃ. ૪,૬,૯,૧૬)

ભલેને બુદ્ધિ-ચાતુર્ય હિમાલય જેવડું છોને
કળા કૌશલ્ય સંપૂર્ણ ભલે બ્રહ્માંડ જેવાં છે.

છતાં તે યે હરિ આગળ તણખલા જેવું તુચ્છ જ છે,
સમર્થોમાં હરિ શ્રેષ્ઠ પૂરો કેવો સમર્થ જ છે !

('જિજ્ઞાસા' આ.૨, પૃ. ૨૩)

કદી બુદ્ધિનું દેવાળું જિજ્ઞાસા કાઢતી નથી,
બુદ્ધિને ઉપયોગ લે નીપેટે કર્મ ખૂબીથી.

વિચારવું પડે ના ત્યાં, મેળે હૈયે નવું ઊગે;
તર્ક, દલીલ ત્યારે તો બુદ્ધિ જરાય ના કરે.

વિવેક બુદ્ધિથી થાય જેનો સ્વીકાર જીવને,
જિજ્ઞાસા તેવું પ્રત્યક્ષ વર્તાવીને ફળાવશે.

ત્રાજવે તીક્ષ્ણ બુદ્ધિના જિજ્ઞાસા તોળીતોળીને,
પોતાનું નીરખે પોતે શું યોગ્યાયોગ્ય જીવને !

ગૂંચવાડા ભર્યા એવા મહત્ત્વના પ્રસંગમાં–
બ્હેર મારી જતી બુદ્ધિ, જિજ્ઞાસા ત્યાં સહાયમાં

પ્રસંગે બુદ્ધિનું જ્ઞાન ઊગે તે ક્ષણ કેવું તે,
તેના પરથી પોતાની સ્થિતિનું ભાન તો ઊગે.

નિર્ણયશક્તિનો ઊર્ધ્વે જ્યાં પરિપાક થાય છે,
ત્યારે વિવેકશક્તિ શી જીવંત જીવને બને !

નિર્ણયશક્તિનો હૈયે શો વિકાસ થયા જતાં
પ્રેરણા-શક્તિમાં તેનો ફેરફાર થતો તદા.

નિર્ણય-બુદ્ધિને શક્તિ શી અનુભવથી મળે !
જીવને તેવી બુદ્ધિ દે કામ નક્કર તો પથે.

અનુભવે-બળે બુદ્ધિ સચોટ નિર્ણયાત્મક
થતી સહજ ધ્યેય શી જીવને આત્મપ્રેરક !

સંશય પ્રકટે ત્યારે બુદ્ધિ ધ્યેય પરત્વેમાં
અનુભવો વિચારે જ્યાં, ધ્યેય પાકું થતું દીસે.

ધ્યેય પાકું થવાકેરું લક્ષણ બુદ્ધિનું ખરે,
જેમાં તેમાં ધરે લક્ષ ધ્યેયમાં બુદ્ધિ અંતરે.

આડુંઅવળું છો થાય કિંતુ બુદ્ધિ શી તે પળે,
તેવા આવ્યાતણો હેતુ ધ્યેય પરત્વેનો ધરે.

બુદ્ધિની એકધારી શી તેજસ્વી ધારણા હૃદે
ધ્યેયે પ્રવર્તતી લાગતી ધ્યેયે પ્રગતિ થાય છે !

પ્રીછવું હોય તો બુદ્ધિ તેને લાયક જોઈએ,
જિજ્ઞાસા બુદ્ધિને તેમ મઠારે છે પ્રયુક્તિયે.

વિચલિત ભલે બુદ્ધિ, સ્વસ્થ બનાવવા હૃદે
ને ઉપયોગમાં લેવા જિજ્ઞાસા પાસ આવી છે.

કરે દોષિત બુદ્ધિનું જિજ્ઞાસા પરિવર્તન,
ધોબીના જેમ તે મેલ સ્વચ્છ કેવો કરે દિલ !

ભળંતાં પ્રાણ બુદ્ધિમાં, ભાવ જીવંતો જાગતો,
ભાવથી બુદ્ધિની શુદ્ધિ કેવી થતી અનુભવો !

જિજ્ઞાસાને ન સંબંધ માત્ર બુદ્ધિની સાથ તે,
જિજ્ઞાસા જાગી છે પોતે પુરુષ તત્ત્વમાંથી તે.

નિરાકરણ બુદ્ધિનું થતાં, પાસાં બધાં થકી,
—બુદ્ધિ ખુલ્લી થતાં કેવો પથે પ્રકાશ પાડતી !

સર્વ શંકા કુશંકાઓ બુદ્ધિથી નીકળી જતાં,
તેવી બુદ્ધિ પછી આપે કામ શીઘ્ર વિકાસમાં.

બુદ્ધિના મંદિરે રામ વસી શકે ન તે કદી,
ગુણ-ભાવનું મંદિર રચાતાં, વસશે હરિ.

ધારણા-ધ્યાનથી પક્વ સમાધિ, ત્રણ તેતણા,
સંચયના પરિપાકે બુદ્ધિ પ્રજ્ઞા વિષે ઠરે.

('જિજ્ઞાસા' આ.૨, પૃ. ૧૨૭ થી ૧૩૦,૧૪૯,૧૭૨,૧૭૮)

કોઈ મનુષ્યજીવ એવો નથી કે એનામાં બુદ્ધિ ન હોય. તેના સંજોગ પ્રમાણે, તેની સ્થિતિ પ્રમાણે તેના વાતાવરણ પ્રમાણે તેનામાં બુદ્ધિ હોય છે, એ બુદ્ધિ બધાંને વરેલી છે.

('ગ્રહ-ગ્રહણ' આ.૧, પૃ. ૯૪,૯૫)

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્‌લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

### English books available at Hariom Ashram Surat.
### January - 2020

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥



જે વધારે કશી રકઝક કર્યા વિના, ઝાઝી કશી ડખાડખ કર્યા વિના, આપેલી સલાહ ઉપર બુદ્ધિ ચલાવ્યા વિના અને દલીલની પરંપરાઓ જગાવ્યા વિના, શ્રદ્ધા રાખીને, પ્રેમભાવ રાખીને જે તે કંઈ કરે છે, એવા પર મને વધારે ભાવ ઉત્પન્ન થાય છે.

- શ્રીમોટા

*'બુદ્ધિ', પ્ર. આ., પૃ. ૮*

કિંમત : રૂ. ૧૦/-